©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] FRIDAY, 14th NOVEMBER, 2025/KARTIKA 23, 1947 [No. 41

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I EXTRAORDINARY

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)બી અન્વયે બહાર પાડેલ

જાહેરનામું

નં. જે/એમએજી-૨/વન-વે/જાહેરનામું/૨૯૯૧૯૮/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, મોરબીના પત્ર ક્રમાંક : જી.ટ્રા./વન-વે રોડ/જાહેરનામું/૬૮૫/૨૦૨૫, તા. ૨૦-૦૬-૨૦૨૫ના પત્રથી મોરબી શહેરની ભૌગોલીક પરિસ્થિતિ અને હાલનો ઔદ્યોગીક વિકાસ, વસ્તી, આવાસની ગીચતા અને શહેરના જુના પુરાણા સાંકડા રોડ-રસ્તા ધ્યાને લઈ ટ્રાફીક નિયમન અને જાહેર હિતાર્થે ધ્યાને લઈને લીલાપર તરફથી ઉમીયા સર્કલ જવા માટે રવાપર ચોકડી (સ્વાગત હોલ) વાળા રૂટ વન-વે તથા ઉમીયા સર્કલ થી લીલાપર રોડ તરફથી જવા માટે નિર્મલ સ્કુલ વાળા રોડ રૂટ વન-વે જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, પોલીસ અધિક્ષકશ્રી, મોરબી તરફથી મળેલ દરખાસ્ત મુજબ હું, **કે. બી. ઝવેરી, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી** અમોને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબના રસ્તા ઉપર તા. ૨૭-૦૬-૨૦૨૫ થી ત્રણ માસ સુધી સવારના કલાક ૦૭-૦૦ થી રાત્રીના કલાક ૨૨-૦૦ સુધી નીચે મુજબના રોડ ઉપર વન-વે અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

અ. નં.	રોડ ની વિગત
૧	લીલાપર તરફથી ઉમીયા સર્કલ જવા માટે રવાપર ચોકડી (સ્વાગત હોલ) વાળા રૂટ વન-વે રહેશે. લીલાપર તરફથી આવતા વાહનો શ્યામ ગ્લાસ વેર એસ. પી. રોડના નાકે થી રવાપર ચોકડી થી નિર્મલ સ્કુલ થઈ ઉમીયા સર્કલ તરફ જવા માટેનો રૂટ રહેશે.
૨	ઉમીયા સર્કલ થી લીલાપર રોડ તરફથી જવા માટે નિર્મલ સ્કુલ વાળા રોડ રૂટ વન-વે રહેશે. ઉમીયા સર્કલ થી લીલાપર રોડ તરફથી જવા માટે ઉમીયા સર્કલ થી અવની ચોકડી થી રવાપર ચોકડી (સ્વાગત હોલ) થી વર્ધમાન ચોકડી થઈ લીલાપર તરફ જવા માટેનો રૂટ રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર બનેશે.

આજ તા. ૨૪, માહે જુન-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

મોરબી, ૨૪ માહે જુન, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી અન્વયે બહાર પાડેલ

જાહેરનામું

નં. જે/એમએજી-૨/વાહન/પ્રતિબંધ/જાહેરનામું/૨૯૯૧૫૧/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, મોરબીના પત્ર ક્રમાંક : જી.ટ્રા./ભારે વાહન/જાહેરનામું/૬૮૬/૨૫, તા. ૨૦-૦૬-૨૦૨૫ ના પત્રથી મોરબી શહેરમાં વાહનોની સંખ્યામાં વધારો થયેલ હોય, દલવાડી સર્કલ થી લીલાપર ચોકડી સુધી, રવાપર ગામ થી રવાપર ચોકડી થઈ લીલાપર ચોકડી સુધી તથા ભક્તિનગર થી ઉમિયા સર્કલ સુધી દિવસ દરમ્યાન ભારે વાહનોની અવર જવર બંધ કરવામાં આવે તો ટ્રાફીક સમસ્યા હલ થઈ શકે તેમ હોય, સદરહું રોડ ઉપર ભારે વાહનોના પ્રવેશબંધનું ત્રણ માસનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, પોલીસ અધિક્ષકશ્રી, મોરબી તરફથી મળેલ દરખાસ્ત મુજબ હું, **કે. બી. ઝવેરી, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી** અમોને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબના રસ્તા ઉપર તા. ૨૭-૦૬-૨૦૨૫ થી ત્રણ માસ સુધી સવારના કલાક ૦૮-૦૦ થી રાત્રીના કલાક ૨૨-૦૦ સુધી ભારે વાહનો પસાર થવા ઉપર પ્રતિબંધ બાબતનું આથી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

૧. દલવાડી સર્કલ થી લીલાપર ચોકડી થી પ્રવેશ બંધ.

૨. રવાપર ગામથી રવાપર ચોકડી થી લીલાપર ચોકડી થી પ્રવેશ બંધ.

૩. ભક્તિનગર થી ઉમિયા સર્કલ થી પ્રવેશ બંધ.

મુક્તિ :

ગુજરાત વાહન વ્યવહાર નિગમના વાહનો, સરકારી વાહનો, નગરપાલિકાના વાહનો, પી.જી.વી.સી.એલ. ના વાહનો, સબ વાહીની, એમ્બ્યુલન્સ, ફાયર ફાયટર, સ્કુલ/કોલેજના વાહનો, સામાજિક/ધાર્મિક પ્રસંગોને લગત ભારે વાહન, આવશ્યક ચીજ વસ્તુઓ સાથે સંકળાયેલા તમામ વાહનો તેમજ પૂર્વ મંજુરી મેળવેલ હોય તેવા વાહનોને આ જાહેરનામાની જોગવાઈઓના અમલમાંથી મુક્તિ આપવામાં આવે છે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર બનશે.

આજ તા. ૨૪, માહે જુન-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

મોરબી, ૨૪ માહે જુન, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી અન્વયે બહાર પાડેલ

જાહેરનામું

નં. જે/એમએજી-૨/જાહેરનામું/વશી/૧૨૦૭/૨૦૨૫.-નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મોરબી મહાનગરપાલિકા, મોરબીના જા.નં. ૦૭/૨૦૨૫, તા. ૧૦-૦૭-૨૦૨૫ના પત્રથી સુધારાવાળી શેરી, સરદાર રોડમાં ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગ (મોરબી નગરપાલિકા) ઉપરાંત ૨ બેંક, સમાજવાડી, સ્કુલ અને જથ્થાબંધ સામાન વિક્રેતા પણ આવેલા હોય, નાનાં-મોટા વાહનો રોડની બંને બાજુમાં અવ્યવસ્થિત પાર્કિંગ કરતા હોવાથી આગ અકસ્માત અને રેસ્ક્યુ કોલ સમયે ફાયર બ્રિગેડના વાહનોને જવામાં અવરોધ થાય અને ઘટના સ્થળે પહોંચવામાં વિલંબ થતો હોવાથી સુધારા શેરીમાં વન સાઈટ પાર્કિંગની સુવિધા કરવા બાબતનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, આ કામે નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મોરબી મહાનગરપાલિકા, મોરબી તરફથી મળેલ દરખાસ્ત મુજબ હું, **કે. બી. ઝવેરી, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી,** અમોને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી અન્વયે મળેલ સત્તાની રૂએ સુધારા શેરી સરદાર રોડ ઉપર નાનાં-મોટા વાહનોનું પાર્કિંગ મહિનાની એકી તારીખ દરમ્યાન રોડની ડાબી બાજુએ તથા મહિનાની બેકી તારીખ દરમ્યાન રોડની જમણી બાજુએ કરવા બાબતનું આથી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

જાહેરનામાનો સમયગાળો :

આ હુકમ પ્રસિધ્ધ થયા તારીખ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા :

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર બનશે.

આજ તા. ૨૨, માહે જુલાઈ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

મોરબી, ૨૨ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

હુકમ

નં. જે/એમએજી/ટાપુ/જા.નામુ./૧૯૨૪૨૯/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, મોરબીના તા. ૦૯-૦૭-૨૦૨૫ ના પત્રથી મોરબી જિલ્લામાં આવેલ દરીયાઈ ટાપુઓને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી ટાપુઓ ઉપર પ્રવેશ નિયંત્રીત કરતું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

મોરબી જિલ્લાના નવલખી બંદર વિસ્તાર તથા કોસ્ટલ વિસ્તારમાં નાના-મોટા કુલ આઠ ટાપુઓ આવેલ છે. જે ટાપુઓ ઉપર માનવ વસાહત અસ્તિત્વમાં ન હોય, આ ટાપુઓમાં કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃતિ કે ઘુષણખોરી ન થાય તેમજ સુરક્ષાને લગત કોઈ પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે સારૂ જાહેરનામું બહાર પાડવું યોગ્ય જણાય છે.

સબબ હું, **કે. બી. ઝવેરી, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ મોરબી જિલ્લાના નવલખી બંદર વિસ્તાર તથા કોસ્ટલ વિસ્તારમાં આવેલ નીચેની વિગતેના ટાપુઓ ઉપર કોઈપણ પ્રકારની ગેરકાયેદસરની પ્રવૃતિ કરવી નહી કે ઘુષણખોરી કરવી નહી, તેમજ સુરક્ષાને લગત કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તેવું કોઈ કૃત્ય કરવું નહી. તેમજ આ ટાપુઓ ઉપર કોઈ વ્યકિતએ પ્રવેશવું નહીં તથા બોટને લાંધવાની પ્રવૃતિ કરવી નહીં.

ક્રમ	ટાપુનું નામ	પોલીસ સ્ટેશનનું નામ	અંતર
૧.	મામલીયા ટાપુ	માળીયા મીંયાણા પોલીસ સ્ટેશન	૩.૦ નોટીકલ માઈલ્સ
૨.	મુર્ગા ટાપુ	માળીયા મીંયાણા પોલીસ સ્ટેશન	૧.૩ નોટીકલ માઈલ્સ
૩.	અનનેમ ટાપુ-૧	માળીયા મીંયાણા પોલીસ સ્ટેશન	૬.૧ નોટીકલ માઈલ્સ
૪.	અનનેમ ટાપુ-૨	માળીયા મીંયાણા પોલીસ સ્ટેશન	૫.૮ નોટીકલ માઈલ્સ
૫.	અનનેમ ટાપુ-૩	માળીયા મીંયાણા પોલીસ સ્ટેશન	૬.૧ નોટીકલ માઈલ્સ
૬.	અનનેમ ટાપુ-૪	માળીયા મીંયાણા પોલીસ સ્ટેશન	૫.૩ નોટીકલ માઈલ્સ
૭.	અનનેમ ટાપુ-૫	માળીયા મીંયાણા પોલીસ સ્ટેશન	૪.૮ નોટીકલ માઈલ્સ
૮.	અનનેમ ટાપુ-૬	માળીયા મીંયાણા પોલીસ સ્ટેશન	૫.૧ નોટીકલ માઈલ્સ

અપવાદ :

(૧) કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારશ્રીના સુરક્ષા દળોના અધિકૃત અધિકારી/કર્મચારીશ્રીઓ.

(૨) ફોરેસ્ટ વિભાગના અધિકૃત અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ.

(૩) મહેસુલ વિભાગ તથા લેન્ડ રેકર્ડસના અધિકૃત અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ.

(૪) ફિશરીઝ વિભાગના અધિકૃત અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

અમલવારી :

આ જાહેરનામું તા. ૨૨-૦૭-૨૦૨૫ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ ઉપર તથા સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ તા. ૨૨, માહે જુલાઈ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

મોરબી, ૨૨ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ જાહેરનામું

હુકમ

નં. એમએજી/PATHIK/જા.નામુ./૧૯૨૩૬૮/૨૦૨૫.-''પથિક'' (PATHIK-Programme for Analysis of Travelers and Hotel Informatics) સોફ્ટવેરની કામગીરી હોટલમાં રોકાણ કરનાર ગ્રાહકની માહિતી માટે હોટલ ખાતેથી જ ઈન્ટરનેટ દ્વારા એન્ટ્રી માટેનું સીકયોર વેબ પોર્ટલ બનાવવામાં આવેલ છે. ક્રાઈમ બ્રાન્ચના સોફ્ટવેર સાથે રજીસ્ટર થયેલ હોટલ ધારક જ ક્રાઈમ બ્રાન્ચ ખાતેથી આપવામાં આવેલ યુઝરનેમ અને પાસવર્ડ દ્વારા એન્ટ્રી કરી શકે છે. આમ, સોફ્ટવેર કોઈ પણ નવી હોટલમાં ઈન્સ્ટોલ કરવા માટે જે તે સ્થળ પર જવાની જરૂર નથી. પરંતુ મુખ્ય કાર્યાલય દ્વારા જે તે હોટલની રજીસ્ટ્રેશન લગત માહિતી સર્વરમાં સ્ટોર કર્યા બાદ, યુઝરનેમ-પાસવર્ડ આપતા હોટલ આ સિસ્ટમ સાથે જોડાઈ જાય છે. જેના આધારે રોકાણ કરનાર ગ્રાહકની મહત્વની તમામ માહિતી પોલીસને તાત્કાલીક ધોરણે ઉપલબ્ધ થઈ જાય છે.

પથિક સોફ્ટવેરથી પોલીસને જિલ્લાની તમામ હોટલો પર રૂબરૂ ચેકીંગ કરવા જવુ પડતુ નથી. પરંતુ એક જ જગ્યાએ બેસીને એક જ વ્યકિત દ્વારા ઈન્ટરનેટના માધ્યમથી તમામ મુસાફરોની વિગત ચકાસી શકાય છે. જેના કારણે માનવ શકિતનો ઓછો ઉપયોગ કરી ટેકનોલોજીની મદદથી સમય મર્યાદામાં કોઈપણ ગુનો બનતો અટકાવી શકાય છે અથવા બનેલ ગુન્હાના કામે ડીટેકશન કરવામાં મહત્વપુર્ણ કડી સાબીત થઈ છે.

મોરબી જિલ્લા ખાતે આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગથી કોલસા તથા મીઠાની આયાત તથા નિકાસ થતી હોય તેમજ મોરબી જિલ્લો ઔદ્યોગિક દ્રષ્ટિએ ખુબ જ મહત્વનો હોય જેમાં દેશ-વિદેશોથી મોટા પ્રમાણમાં સીરામીક ટાઈલ્સ ખરીદી માટે વેપારીઓ તથા ટુરીસ્ટો આવતા જતા હોય તેમજ લઘુ ઔદ્યોગીકમાં પણ મોરબી શહેર મોખરે છે. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ અગત્યના ઈનપુટો બાબતે મહત્વની માહિતી મળી રહે તે સારૂ ''પથિક'' સોફ્ટવેરની અમલવારી માટે પોલીસ અધિક્ષકશ્રી, મોરબીના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./૪૫૦/૨૦૨૫, તા. ૦૯-૦૭-૨૦૨૫ થી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

ઉકત દરખાસ્તની ચકાસણી કરતા હાલના સાંપ્રત સમયમાં બનતા ગુન્હા/આંતકવાદી ઘટનાઓને અટકાવવા તેમજ બનેલ ગુન્હાઓ શોધવા માટે સમગ્ર રાજ્યની પોલીસ સંકલનમાં રહી ખુબ જ ઓછા સમયમાં પરિણામલક્ષી કામગીરી કરી શકે, તેમજ આકસ્મિક બનાવ સમયે કાયદો-વ્યવસ્થા જાળવવાના હેતુસર તથા અગત્યના ઈનપુટો બાબતે મહત્વની માહિતી મળી રહે તે માટે ''પથિક'' સોફ્ટવેરની અમલવારી કરાવવા પોલીસ અધિક્ષકશ્રી, મોરબી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **કે. બી. ઝવેરી, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લો, મોરબી,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળલે સત્તાની રૂએ મોરબી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબની બાબતોનો ચુસ્ત અમલ કરવા હુકમ કરુ છું.

(૧) મોરબી જિલ્લાની તમામ હોટલો/ગેસ્ટ હાઉસ ખાતે પ્રાંત/રાજ્ય/દેશ/વિદેશથી આવતા તમામ મુસાફરોની વિગત આ ''પથિક'' સોફ્ટવેરમાં હોટલના માલિક/સંચાલકે અવશ્ય કરવી/નોંધવી/અપલોટ કરવી.

(૨) આ હુકમ પ્રસિધ્ધ થયે સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી કરવા માટે પોલીસ અધિક્ષકશ્રી, મોરબીની કચેરી, શોભેશ્વર રોડ, જિલ્લા સેવા સદનની બાજુમાં, એ-વીંગ, ત્રીજો માળ, રૂમ નં. ૨૦૬, એસ.ઓ.જી. શાખા ખાતેથી હોટલ સંચાલક/માલિકે હોટલની વિગતો રજુ કરી યુઝરે આઈડી-પાસવર્ડ સત્વરે મેળવી લેવાના રહેશે.

અમલનો સમયગાળો :

આ હુકમ તા. ૨૬-૦૭-૨૦૨૫ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા ફરજ પરના પોલીસ સબ ઈન્સપેકટર કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તા. ૨૨, માહે જુલાઈ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

મોરબી, ૨૨ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૬૩ તળે બહાર પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.૨૫/૨/૨૦૨૫.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ તા. ૨૮-૦૫-૨૦૨૫ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૫-૦૬-૨૦૨૫ના રોજ મતગણતરી થનાર છે. રાજય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૮-૦૫-૨૦૨૫ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તથા તેમના ટેકેદારો તરફથી ચૂંટણી પ્રચાર અભિયાન શરૂ કરવામાં આવશે. પ્રચાર ઝુંબેશ અનુસંધાને ઉમેદવારો તેમના કાર્યકરો દ્વારા જાહેર તથા ખાનગી મિલ્કત માલિકોની લેખિત પૂર્વ પરવાનગી લીધા વગર ચૂંટણી લક્ષી પ્રચારપત્રો ચોડીને, સૂત્રો લખીને, નિશાનીઓ કે આકૃતિઓ, પક્ષના પ્રતિકો કે ઉમેદવારોને ફાળવેલા પ્રતિકો ચીતરીને વગેરે દ્વારા સાર્વજનિક અને ખાનગી માલિકીની મકાનોની દિવાલો, રોડ-રસ્તા બગાડે નહી તે માટે સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા. સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી આદર્શ આચાર સંહિતાના અમલીકરણની સુચનાઓ ધ્યાને લેતા ચૂંટણી ચૂંટણી લડતા ઉમેદવારો તથા તેમના કાર્યકરોએ મકાનો, તાર કે વિજળીના થાંભલાઓ, વાહનો ઉપર ધ્વજદંડ ઉભા કરવા, બેનરો લટકાવવા, નોટીશ ચોંટાડવા, સૂત્રો કે ઉમેદવારોને ફાળવેલ નિશાનોના પ્રતિકો લખવા વગેરે માટે માલિકની લેખિત અને પૂર્વ પરવાનગી વિના કોઈપણ વ્યકિતની જમીન મકાન, કમ્પાઉન્ડ દિવાલ, જાહેર રોડ, રસ્તા વગેરેનો ઉપયોગ કરવા દેશે નહીં તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

રાજય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરેલ આચાર સંહિતાનો અમલ કરાવવા અને લોકોની તેમજ જાહેર માલ મિલ્કતને થતી હાની, વિકૃતિ, બગાડ અટકાવવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું, **કે. બી. ઝવેરી IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા,** આ હુકમથી કોઈપણ વ્યકિત, સંસ્થા, ચૂંટણીના ઉમેદવારો અને તેઓના કાર્યકરોને અથવા તેમના દ્વારા નિયુકત કરેલ વ્યકિત, સંસ્થા કે પેડી વિગેરેને ફરમાવું છું કે, સબંધિત જાહેર મિલ્કત અને ખાનગી માલીકોની લેખિત અને પૂર્વ પરવાનગી લીધા વિના જાહેર અથવા ખાનગી મિલ્કત ઉપર ચૂંટણી લક્ષી પ્રચારપત્રો ચોડીને, સૂત્રો લખીને, નિશાનો ચીતરીને દિવાલો બગાડવી નહીં તેમજ કોઈ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર પોતાના કાર્યકરોને ધ્વજદંડ ઉભા કરવા, બેનરો લટકાવવા, નોટીસો ચોંટાડવા, સૂત્રો લખવા અથવા અન્ય કોઈપણ રીતે જાહેર અથવા ખાનગી મિલ્કત બગડે તેવી રીતે ચૂંટણી પ્રચાર કરવા વિગેરે માટે માલીકની લેખિત અને પૂર્વ પરવાનગી લીધા વિના કોઈપણ વ્યકિતની જમીન/મકાન, કમ્પાઉન્ડ, દિવાલ, વાહનો, રોડ-રસ્તા વગેરેનો ઉપયોગ કરવો નહી કે બગાડવા નહીં.

જાહેર મકાન એ શબ્દ પ્રયોગમાં મિલ્કત જેવી કે ધોરી માર્ગ, શેરી ગલી, ચાર રસ્તા, ચાર રસ્તા પર માર્ગ દિશા બતાવતા સાઈન બોર્ડ, ધોરી માર્ગ ઉપરના માઈલ સ્ટોન, રેલ્વે ફાટક ઉપર ચેતવણી રૂપ નોટીસ, રેલ્વે પ્લેટફોર્મ, બસ, વાહન, ટર્મીનલના નામના બોર્ડ અથવા જાહેર જનતાની સગવડતા માટે પ્રદર્શિત કરેલ કોઈ અન્ય નોટીસ સાઈન બોર્ડનો સમાવેશ થાય છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના મોરબી જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ ભારતીય નાગરકિ સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે તા. ૨૯-૦૫-૨૦૨૫ થી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે તેમજ મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ રોજ તા. ૩૦, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીકકા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૩૦ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૬૩ તળે બહાર પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.-૨૫/૩//૨૦૨૫.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ તા. ૨૮-૦૫-૨૦૨૫ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૫-૦૬-૨૦૨૫ના રોજ મતગણતરી થનાર છે. રાજય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૮-૦૫-૨૦૨૫ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણી પ્રચારના અભિયાનરૂપે રાજકીય પક્ષોના કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો તરફથ પોતપોતાના મત વિસ્તારમાં ચૂંટણી પ્રચાર ઝુંબેશ શરૂ કરવામાં આવશે. આ હેતુ માટે તેઓ દ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ પણ કરવામાં આવતો હોય છે. ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટની સંમતિથી બીજા કોઈ વ્યકિત, કાર્યકર, ટેકેદાર દ્વારા પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. તેવા સંજોગોમાં આવા વાહનોના ઉપયોગ પર દેખરેખ રાખવા અને ઉમેદવારના ચૂંટણી પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તથા ચૂંટણી નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં યોજી શકાય તે હેતુથી તેમજ તેની અસર સામાન્ય જનમાનસ તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય, જેના કારણે સાચી-ખોટી ફરીયાદો ઉપસ્થિત થવાનો અવકાશ રહેવા સંભવ હોય ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મનદુ:ખ થાય અને ઘર્ષણ ઉભું થવાની સંભાવના રહે તેમજ સુલેહશાંતી ભંગ થવા સંભવ હોય ચૂંટણીના સરળ સંચાલનના હેતુથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ નીચે મુજબનો હુકમ કરવો ઈષ્ટ જણાય છે.

જેથી હું, **કે. બી. ઝવેરી IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, મોરબી જિલ્લા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, ચૂંટણીનો ઉમેદવાર, વ્યકિત અથવા તો તેઓની સહમતીથી કોઈપણ વ્યકિત દ્વારા કોઈપણ ઉમેદવારના ચૂંટણીના કામે વાહનોનો મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણી હેઠળના વિસ્તારમાં ઉપયોગ કરવામાં આવે તેવા તમામ સબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી પાસે રજીસ્ટર્ડ કરાવવાના રહેશે અને રજીસ્ટર્ડ કરાવેલ વાહનની પરમીટ તેઓની પાસેથી મેળવી તે વાહનોની વિન્ડ સ્ક્રીન ઉપર અથવા નાના વાહનમાં પણ સહેલાઈથી દેખાઈ આવે તે રીતે ચોંટાડવાની રહેશે તથા વપરાશમાં લેવાયેલ વાહનનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં ઉમેરવાનો રહેશે. ચૂંટણી અધિકારી પાસે કે તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રી પાસે પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનોનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે કે ચૂંટણીના કામે કરી શકાશે નહીં.

આ નિયંત્રણો યાંત્રિક શકિતથી કે અન્ય કોઈપણ રીતે ચાલતા વાહનોને લાગુ પડશે. આ વાહનોમાં મીની બસ, સ્ટેશન વેગન, ટેકસી, ખાનગી કાર, ટ્રક કે ટ્રેલર કે તે વિનાનું ટ્રેકટર, ઓટોરીક્ષા, સ્કુટર વિગેરેનો સમાવેશ થાય છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના મોરબી જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ ભારતીય નાગરકિ સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે તા. ૨૯-૦૫-૨૦૨૫ થી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે તેમજ મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ રોજ તા. ૩૦, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીકકા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૩૦ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૬૩ તળે બહાર પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.૨૫/૯/૨૦૨૫.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ તા. ૨૮-૦૫-૨૦૨૫ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૫-૦૬-૨૦૨૫ના રોજ મતગણતરી થનાર છે. રાજય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૮-૦૫-૨૦૨૫ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં રાજય ચૂંટણી આયોગ દ્વારા મતદાન પુર્ણ થવા માટે નિયત કરેલ સમય સાથે પુરા થતાં ૪૮ કલાકની મુદત દરમિયાન જાહેર સભાઓ અને ચૂંટણી પ્રચાર પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં મતદાન તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ સવારના ૦૭-૦૦ કલાકથી સાંજના ૦૬-૦૦ કલાક સુધી થનાર છે. તેથી મતદાન પૂરૂં થવાના સમય પહેલાના ૪૮ કલાક એટલે કે, તા. ૨૦-૦૬-૨૦૨૫ ના સાંજના ૦૬-૦૦ કલાકથી ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાતો હોય, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું, **કે. બી. ઝવેરી IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં મતદાન પુરૂં થવાના સમય પહેલાનાં ૪૮ કલાક એટલે કે, તા. ૨૦-૦૬-૨૦૨૫ ના સાંજના ૦૬-૦૦ કલાક થી નીચે મુજબન અમલવારી કરવા આદેશ ફરમાવું છું.**

ફરજો :

(૧) કોઈપણ વ્યકિત

(એ) ચૂંટણી સબંધમાં કોઈ જાહેરસભા બોલાવશે નહીં, યોજશે નહીં, સંબોધન કરશે નહીં કે સરઘસ કાઢશે નહીં કે તેવી સભામાં હાજરી આપશે નહીં.

(બી) સિનેમેટોગ્રાફ, ટેલીવિઝન, એલ.ઈ.ડી. અથવા આવા અન્ય સાધનોની સહાયથી ચૂંટણી સામગ્રી જાહેરમાં પ્રદિર્શિત કરશે નહીં.

(સી) મતદાન વિસ્તારમાં જાહેર જનતાને આકર્ષવાની દ્રષ્ટિએ જાહેરમાં કોઈ સંગીતનો જલસો, થીએટરનો કાર્યક્રમ, કોઈ મનોરંજન કાર્યક્રમ કે સમુહભોજન યોજીને કે યોજવા માટેની વ્યવસ્થા કરી આપીને ચૂંટણી પ્રચાર કરશે નહીં કે ચૂંટણીના પરીણામ પર અસર કરે તેવા ઈરાદાવાળી કોઈ પ્રવૃતિ કરશે નહીં.

આ હુકમ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે તા. ૨૦-૦૬-૨૦૨૫ થી તા. ૨૨-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે તેમજ મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તા. ૩૦ માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૩૦ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાર પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.-૨૫/૧૧/૨૦૨૫.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૫-૦૬-૨૦૨૫ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો અને તેના કાર્યકર્તાઓ, સમર્થકો, ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. પ્રચાર માટે ઉંચા અવાજે લાઉડ સ્પીકરોના ઉપયોગના કારણે ખુબ જ ધ્વનિ પ્રદુષણ પેદા થાય છે અને આમ જનતાની શાંતીમાં ખલેલ પહોંચે છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન બેફામ અને મનસ્વી રીતે લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું ઈષ્ટ જણાય છે.

જેથી હું, **કે. બી. ઝવેરી, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તળે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવુ છું.

કૃત્યો :

૧. કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને સવારના ૦૮-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જ થઈ શકશે.

૨. ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા કોઈપણ પ્રકારના વાહન પર સક્ષમ અધિકારીશ્રીની નિયમોનુસારની પરવાનગી મેળવ્યા સિવાય ચૂંટણી પ્રચાર અર્થે કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકર મુકી શકાશે નહીં અને પરવાનગી મેળવેલ વાહનો દ્વારા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સંબંધિત તાલુકાના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી પાસેથી તથા મોટર વ્હીકલ એકટ હેઠળ સક્ષમ અધિકારીશ્રી પાસેથી નિયત નમુનામાં અરજી કરીને વાહન પરમીટ પ્રથમ લેવાની રહેશે તથા વાહન પરમીટના હુકમમાં જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩. કોઈપણ પ્રકારના લાઉડસ્પીકરના ઉપયોગ માટે પરવાનગી/પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને અને સંબંધીત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રીને તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને ઉપયોગ કરતા પહેલા લેખીતમાં જાણ કરવાની રહેશે.

૪. લેખીત પરવાનગી વગર કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવશે તો, ઉપયોગમાં લેવાયેલ લાઉડ સ્પીકર તથા લાઉડ સ્પીકર મુકવા માટે ઉપયોગમાં લેવાયેલ તમામ સાધનો કે ઉપકરણો જપ્ત કરવામાં આવશે.

૫. કોઈપણ મતદાન વિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલા સમયના ૪૮ કલાક પહેલાના સમયગાળા દરમ્યાન કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે નહીં.

આ જાહેરનામું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે તા. ૨૯-૦૫-૨૦૨૫ થી તા. ૨૭-૦૬-૨૦૫ સુધી અમલમાં રહેશે તેમજ મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આજ રોજ તા. ૩૦, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૩૦ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાર પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.-૨૫/૧૦/૨૦૨૫.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૫-૦૬-૨૦૨૫ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં મતદાન પૂરું થવાના સમય પહેલાના ૪૮ કલાકના સમયગાળામાં ચૂંટણી પ્રચાર બંધ કરવાની જોગવાઈ છે. જે મુજબ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં તા. ૨૦-૦૬-૨૦૨૫ ના રોજ સાંજના ૦૬-૦૦ વાગ્યાથી ચૂંટણી પ્રચાર બંધ કરવાનો રહે છે તેમજ આ અંગે રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા પ્રવર્તમાન સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે જે ધ્યાને લેતા, ચૂંટણી પ્રચારનો સમયગાળો પુરો થાય તે પછી સબંધિત મતદાર વિભાગના મતદાર ન હોય તેવા રાજકીય પદાધિકારીઓએ મત વિસ્તાર છોડી દેવાનો રહે છે.

જિલ્લામાં ચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ વાતાવરણમાં યોજી શકાય, લોકો કોઈપણ પ્રકારના ભય કે શેહશરમ વગર મતદાન કરી શકે અને રાજ્ય ચૂંટણી આયોગ તરફથી આપવામાં આવેલ ઉક્ત સુચનાઓની ચુસ્ત અમલવારી થઈ શકે અને રાજ્ય ચૂંટણી આયોગ તરફથી આપવામાં આવેલ ઉકત સુચનાઓની ચુસ્ત અમલવારી થઈ શકે તે માટે નીચે મુજબનો હુકમ ફરમાવવો જરૂરી જણાતો હોય ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું, **કે. બી. ઝવેરી, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા,** મોરબીમાં સ્થાનિક ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં તા. ૨૦-૦૬-૨૦૨૫ ના સાંજના ૦૬-૦૦ વાગ્યાથી નીચે મુજબ અમલવારી કરવા ફરમાવું છું.

ફરજો :

- ચૂંટણી પ્રચારના સમયગાળા દરમિયાન મોરબીમાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમા બહારના રાજકીય પદાધિકારીઓ, પક્ષના કાર્યકરો, સરઘસ કાઢનારાઓ, ચૂંટણી પ્રચારકો વિગેરે કે જેઓ મતદાર વિભાગની બહારથી આવેલ હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય તેઓએ ચૂંટણી પ્રચારના અંત પછી એટલે કે, તા. ૨૦-૦૬-૨૦૨૫ ના સાંજના ૬-૦૦ વાગ્યા પછીથી તાત્કાલીક ધોરણે મોરબી જિલ્લામાં સમાવિષ્ટ ચૂંટણી હેઠળનો વિસ્તાર છોડી જતા રહેવું.
- આ જાહેરનામાની અમલવારી સુનિશ્ચિત કરવા ચૂંટણી હેઠળના વિસ્તારમાં પોલીસ તંત્ર તથા જિલ્લા વહીવટી તંત્રએ યોગ્ય તકેદારી રાખવી.

આ હુકમ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે તા. ૨૦-૦૬-૨૦૨૫ થી તા. ૨૨-૦૬-૨૦૫ સુધી અમલમાં રહેશે તેમજ મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આજ રોજ તા. ૩૦, માહે મ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૩૦ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાલ પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.-૨૫/૪/૨૦૨૫.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૫-૦૬-૨૦૨૫ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણીઓના પ્રચાર માટે ચોપાનીયા, ભીંતપત્રો, હેન્ડ બીલ, ઉમેદવારો તરફથી ઓળખ તેમજ અન્ય બાબતોએ વિવિધ છાપકામ કરાવી પ્રસિધ્ધ કરવામાં આવે છે. તથા લોકોમાં વહેંચણી કરવામાં આવે છે. આવા દસ્તવેજોમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, કોમ કે ભાષાને આગળ ધરીને મતદારોને અપીલ કરવી અથવા વિરોધી ઉમેદવારના ચારીત્ર્ય ખંડન જેવી કોઈ ગેરકાનુની વાંધાજનક બાબત કે લખાણનો સમાવેશ થતો હોય તો સબંધિત વ્યકિત સામે આવશ્યક શિક્ષાત્મક કે નિયંત્રક પગલા લઈ શકાય તે માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વગેરેના મુદ્રણ અને પ્રકાશનને સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ.-૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી આદર્શ આચાર સંહિતાના અમલીકરણની સુચનાઓ લાગુ પડે છે.

ઉપરોકત જોગવાઈની ચુસ્ત અમલવારી કરવા સારૂ જરૂરી હુકમ કરવા માટેના યોગ્ય કારણો જણાતા હોય હું, **કે. બી. ઝવેરી IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, મોરબી જિલ્લા** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રુએ આથી ફરમાવું છું કે,

૧. કોઈપણ વ્યકિત કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય અને છાપેલ પ્રતની સંખ્યા દર્શાવેલ ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો, પોસ્ટર્સ, કટ આઉટ, હોર્ડીંગ્સ, બેનર્સ છાપવા/લગાવવા કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકાશે નહીં તેમજ હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફુટ×૮ફુટ થી વધારે હોવી જોઈએ નહી અને કટઆઉટની ઉંચાઈ ૮ ફુટથી વધવી જોઈએ નહી.

૨. કોઈપણ વ્યકિત કે સંસ્થા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો પોસ્ટર્સ, કટ આઉટ, હોર્ડીંગ્સ, બેનર્સ છાપવા/લગાવવા ભીંતપત્રો છાપી શકશે નહીં કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહીં. સિવાય કે,

(એ) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યકિતઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય અને

(બી) લખાણ છપાયા પછી મુદ્રકે સાત દિવસમાં લખાણની એક નકલ સાથે એકરારપત્રની એક નકલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરીને તથા સબંધિત ચૂંટણી અધિકારીશ્રીની કચેરીને મોકલી હોય, આ જોગવાઈ પુરતું

(સી) હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને મુદ્રક એ શબ્દના તે પ્રમાણે અર્થ થશે.

૩. છાપેલા ચૂંટણી અંગેના કોઈ ચોપાનીયા કે ભીંતપત્રો કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંકિતમાં મુદ્રક અને પ્રકાશકના પુરા નામ, સરનામા અને ફોન, મોબાઈલ નંબર દર્શાવવાના રહેશે.

૪. મુદ્રકે પ્રકાશક પાસેથી મેળવેલ એકરારપત્ર જોડણ-ક અને જોડાણ-ખ ના નિયત નમુનામાં છાપકામ કર્યાના ત્રણ દિવસની અંદર જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી તથા સબંધિત ચૂંટણી અધિકારીશ્રીને રજુ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના મોરબી જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા. ૨૯-૦૫-૨૦૨૫ થી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે. તેમજ મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ રોજ તા. ૩૦, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૩૦ માહે મે, સને ૨૦૨૫.

શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૨(૧)(ખ) હેઠળનો

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.-૨૫/૧૩/૨૦૨૫.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૫-૦૬-૨૦૨૫ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણી અનુસંધાને ઉમેદવાર કે સંભવિત ઉમેદવાર કે કોઈપણ વ્યકિત/સંસ્થા દ્વારા ચૂંટણી સંબંધી સભા/સરઘસ રેલી કે તેવો કોઈપણ કાર્યક્રમ યોજવામાં આવશે. આ ચૂંટણીનું મતદાન મુકત ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે જોવાનો રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનો અભિગમ રહેલો છે. આથી સમગ્ર જિલ્લામાં જાહેર સુલેહશાંતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પગલા લેવાનું ઉચિત જણાય છે. ચૂંટણી સંબંધિ કાર્યક્રમોમાં અને જાહેર સ્થળોએ લોકો તેમના પરવાનાવાળા હથિયાર સાથે રાખીને એકઠા થાય કે પસાર થાય તો લોકોમાં ભયમુક વાતાવરણ ઉભુ કરવાનો હેતુ જળવાઈ રહે નહી. વધુમાં મતદાનની પ્રક્રિયા તેમજ મત ગણતરીની પ્રક્રિયા શાંતિપુર્ણ વાતાવરણમાં પુરી કરી શકાય તે માટે પરવાનાવાળા હથિયારો ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે જમા લેવાનુ વ્યાજબી અને યોગ્ય જણાય હોઈ સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી આદર્શ આચાર સંહિતાના અમલીકરણની સુચનાઓ ધ્યાને લેતા શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૨(૧)(ખ) મુજબ પગલાં લેવા માટે પુરતા કારણો હયો અને અત્રેની રચાયેલ જિલ્લા સ્કિનીંગ કમિટીની તા. ૩૦-૦૫-૨૦૨૫ના રોજ રાખવામાં આવેલ બેઠકમાં નીચે મુજબનું જાહેરનામું બહાર પાડવાનો નિર્ણય કરવામાં આવ્યો.

તેથી હું, **કે. બી. ઝવેરી, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી,** શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૨(૧)(ખ) થી મળેલ સતાની રૂએ આથી ફરમાવુ છું કે,

ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારમાં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તથા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તરફથી આપવામાં આવેલ હોય, તેવા તમામ પરવાનેદારશ્રીઓને પરવાના તળેના હથિયારો સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવા બાબતે વ્યકિતગત રીતે અત્રેની કચેરીના તા. ૦૩-૦૬-૨૦૨૫ના નોટીસ ક્રમાંક : જે/મેજી-૧/હ.થ.પ.જમા/વશી/૨૦૬/૨૦૨૫ થી નોટીસ આપવામાં આવેલ હોય તેવા, તે ઉપરાંત અન્ય પરવાનેદારોના તથા ભારત દેશના કોઈપણ રાજ્યના કોઈપણ હથિયાર લાયસન્સ આપનાર સત્તાધિકારીશ્રી પાસેથી હથિયાર લાયસન્સ મેળવેલ હોય, તેવા તમામ આત્મરક્ષણના/પાકરક્ષણના પરવાનેદારો (નીચે જણાવેલ અપવાદ સિવાયના) એ તેમના પરવાને તળેના હથિયાર તા. ૧૧-૦૬-૨૦૨૫ સુધીમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવી તે અંગેની પહોંચ મેળવી લેવાની રહેશે.

અપવાદ :

૧. ફરજ પર રોકાયેલા પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓની ફરજના ભાગ રૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ છે.

૨. તમામ મેજીસ્ટ્રેટ, કસ્ટમ, ફોરેસ્ટ, ઈન્કમટેક્ષ, સેન્ટ્રલ એકસાઈઝ, પોર્ટ, રેલવે, સંરક્ષણની ત્રણેય પાંખોના અધિકારીઓ/કર્મચારીઓના હથિયારોને જમા કરવામાંથી મુકિત આપવામાં આવે છે.

૩. મોરબી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહીત) ના નામે જે હથિયાર પરવાનો ધરાવતાં હોય તેમને તેમના પરવાના વાળા હથિયારોને જમા કરવામાંથી મુકિત આપવામાં આવે છે.

૪. ઔદ્યોગિક એકમો, ખાનગી સંસ્થાઓ, ટ્રસ્ટો વગેરે પોતે પરવાના ધરાવતી હોય તે સંસ્થા અને માન્યતા ધરાવતી સિકયુરીટી એજન્સીના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતાં હોય તેવા હથિયારધારી સિકયુરીટી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાં આથી મુકિત આપવામાં આવે છે. આવા સિકયુરીટી ગાર્ડએ તેઓ બેન્કમાં સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોય તે સંબંધિત એજન્સી/એકમનું ફોટોગ્રાફ સાથેનું ઓળખપત્ર પોતાની સાથે રાખવાનું રહેશે. તેમજ જે તે સંબંધિત એજન્સી/એકમના અધિકૃત અધિકારીશ્રીએ આવા સિક્યુરીટી ગાર્ડની વિગતવાર માહિતી જે તે સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે અને સબંધિત પોલીસ સ્ટેશને આ અંગે નિયમોનુસારની ચકાસણી કરી લેવાની રહેશે.

૫. શુટીંગની રમતના રમતવીર કે જેઓ વિવિધ સ્તરે રાષ્ટ્રીય રાઈફલ એસોસિએશનના સભ્ય છે અને તેમણે વિવિધ શુટીંગ સ્પર્ધામાં ભાગ લેવાનો થતો હોય જેમાં તેઓ તેમની રાઈફલનો ઉપયોગ કરે છે તેમના હથિયાર જમા કરવામાંથી મુકિત આપવામાં આવે છે.

૬. હથિયાર જમા કરાવવા બાબતે અત્રેની કચેરથી રચાયેલ સ્ક્રિનીંગ કમિટી દ્વારા મુકિત મળેલ હોય તેને લાગુ પડશે નહી.

વધુમાં આથી આદેશ કરૂં છું કે, ઉપરોકત તમામ હથિયારો ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તા. ૨૭-૦૬-૨૦૨૫ પછી દિન-૭ માં સંબંધિત તમામ પરવાનેદારોને પરત સોંપી આપવા અંગેની કાર્યવાહી સંબંધિત પોલીસ સ્ટેશનના અધિકારીએ પૂર્ણ કરી લેવાની રહેશે. આવા હથિયારો સમયસર પરત મેળવી લેવાની જવાબદારી સંબંધિત પરવાનેદારની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૩૦ મુજબ સજાને પાત્ર થશે. જેની સર્વેએ નોંધ લેવી.

આ જાહેરનામા અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના મોરબી જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૨(૧)(ખ)ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે તા. ૦૪-૦૬-૨૦૨૫ થી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ રોજ તા. ૦૪, માહે-જુન-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૦૪ માહે જુન, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાર પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.-૨૫/૮/૨૦૨૫.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૫-૦૬-૨૦૨૫ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

મતદાન કરવા જતા મતદારોને કોઈ ડર ન રહે તેમજ મતદાન કરવા કે ન કરવા બાબતે કોઈ દબાણ ન થાય, ચૂંટણીના સંદર્ભમાં ચૂંટણી સંબંધી પ્રતિકો દર્શાવી મતદારોનું ધ્યાન ખેચવામાં ન આવે તે જોવુ જરૂરી છે. મતદાન માટે નકકી થયેલ મતદાન મથકોની આસપાસના વિસ્તારમાં મતદાનના દિવસે ઉમેદવારો કે તેમના કાર્યકરો/ટેકેદારો દ્વારા પ્રચાર ઝુંબેશ કરવામાં આવે તેવી પુરેપુરી સંભાવના છે આથી, ચૂંટણી લડતા ઉમેદવાર કે ઉમેદવારોના કાર્યકરો/ટેકેદારોદ્વરા પ્રચાર ઝુંબેશ કરવામાં આવે તેવી પુરેપુરી સંભાવના છે. આથી ચૂંટણી લડતા ઉમેદવાર કે ઉમેદવારોના કાર્યકરો કાર્યકરો વચ્ચે ઘર્ષણ થતુ નિવારવા માટે અને મતદાન મથકોની આસપાસના વિસ્તારમાં જાહેર શાંતિ અને સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી કેટલાક કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાયેલ છે.

જેથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું, કે. બી. ઝવેરી, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબીમાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ આ હુકમથી નીચે જણાવ્યા મુજબના કૃત્યોની અમલવારી કરવા હુકમ ફરમાવું છું.

કૃત્યો :

૧. મતદાનના દિવસે નકકી થયેલ મતદાન મથકના ૨૦૦ મીટર વિસ્તારમાં ચૂંટણી સંબંધી બુથ ઉભા કરી શકાશે નહી. ચૂંટણી એજન્ટ અથવા પક્ષના/ઉમેદવારના કાર્યકર મતદાન મથકથી ૨૦૦ મીટરની બહાર મતદારોને ઉમેદવારોના નામ, પ્રતિક કે પક્ષના નામ વગરની મતદાર કાપલીના વિતરણ માટે એક ટેબલ અને બે ખુરશી રાખી શકાશે.

૨. છાંયડા માટે છત્રી કે તાડપત્રી કે કંતાનથી વ્યવસ્થા કરી શકશે, જેને ચારેબાજુથી બંધ કરી શકાશે નહી.

૩. મતદાનના દિવસે મતદાન મથકની ૨૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણી પ્રચાર કરી શકાશે નહી. ચૂંટણીએ સંબંધી પત્રિકાઓનું વિતરણ થઈ શકશે નહી તેમજ ચૂંટણી પ્રતિકો દર્શાવી શકાશે નહી. મતદાન કરવા જતાં મતદારને ડર કે ભય ઉભો થાય તેવું કોઈ કૃત્ય કરી શકાશે નહી.

૪. મતદારને કોઈ ઉમેદવારની તરફેણમાં કે વિરૂધ્ધમાં મતદાન કરવા કે મતદાન ન કરવા દબાણ કરી શકશે નહી, કે કોઈપણ પ્રકારનું પ્રલોભન આપી શકાશે નહી.

૫. મતદાનના દિવસે મતદાન મથક તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશા વ્યવહારના અન્ય કોઈ ઉપકરણો લઈ જશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી.

૬. મતદાનના દિવસે ઉમેદવારે મંજુરીવાળા (સક્ષમ અધિકારીશ્રી પાસેથી પૂર્વમંજુરી મેળવેલ હોય તેવા)ચૂંટણી સંબંધી વાહનોને પણ મતદાન મથકવાળા બિલ્ડીંગથી ૧૦૦ મીટરની અંદરના વિસ્તારમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ રહેશે.

અપવાદ :

આ હુકમના ખંડ-૫ માંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

૧. ચૂંટણી તેમજ ચૂંટણીના સંચાલન અંગેની ફરજ જે અધિકારી/કર્મચારીઓને સોંપવામાં આવેલ છે તે તમામ તથા

૨. ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડ/પેરામીલટ્રી ફોર્સના અધિકારી તથા જવાનો

આ હુકમ સ્થાનિક ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં લાગુ પડશે તેમજ આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ રોજ તા. ૩૦, માહે-મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૩૦ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાર પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.-૨૫/૧/૨૦૨૫.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૫-૦૬-૨૦૨૫ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં યોજાય તથા વિક્ષેપો ઉભા થાય નહી અને ચૂંટણીના સરળ સંચાલન માટે જાહેર સુલેહશાંતિનો ભંગ થતો અટકાવવો અત્યંત જરૂરી જણાતો હોય ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ નીચે મુજબના પગલાં લેવા પુરતા કારણો છે.

જેથી હું, **કે. બી. ઝવેરી IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, મોરબી જિલ્લા** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તાર પુરતો આ હુકમની તારીખથી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી અધિકૃત અને સક્ષમ અધિકારી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્રીત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવુ નહી. તેમજ સભા-સરઘસનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચના હિસાબોમાં ઉમેરવાનો રહેશે.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

અપવાદ :

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૨) કોઈ લગ્નના વરઘોડાને.

(૩) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૪) કોઈ સ્મશાન યાત્રાને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના મોરબી જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા. ૨૯-૦૫-૨૦૨૫ થી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે. તેમજ મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ રોજ તા. ૩૦, માહે-મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૩૦ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાર પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.૨૫/૬/૨૦૨૫.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૫-૦૬-૨૦૨૫ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં રાજકીય પક્ષો, ઉમેદવારો, તેમજ ઉમેદવારોના ચૂંટણી એજન્ટ વિગેરે દ્વારા ચૂંટણી પ્રચારમાં વેગ આવશે. ભુતકાળની ચૂંટણીઓમાં કેટલાક વાંધાજનક એસ.એમ.એસ.(ટુંકા સંદેશ સેવા)/તમામ Social Media Platforms/અન્ય ઈલેકટ્રોનીક માધ્યમનો દુરૂપયોગ કેટલાક લોકો દ્વારા કરવામાં આવેલ તેવું અનુભવ પરથી જણાયેલ છે અને તેવી જ પરિસ્થિતિ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં સ્થાપિત હિતો ધરાવતા ઈસમો દ્વારા કરવામાં આવે તેવી શકયતા રહેલ છે. જેને પરીણામે ચૂંટણીના કાયદાની જોગવાઈઓ, આદર્શ આચાર સંહિતા તથા રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ આદેશો / સુચનાઓનો ભંગ થાય છે. આવા અનિચ્છનિય કૃત્યોથી મુકત, ન્યાયી અને શાંતીપુર્ણ ચૂંટણી પ્રક્રિયા દુષિત થાય છે. મુકત, ન્યાયી અને શાંતિપુર્ણ ચૂંટણીને દુષિત કરતી પ્રવૃતિઓ તાત્કાલીક અટકાવવાની અત્યંત આવશ્યકતા છે. તે ઉપરાંત ચૂંટણી સંદર્ભમાં શાંત વાતાવરણ ડહોળાઈ જાય તેવા બદઈરાદાપુર્વક કોમ કે ધર્મ કે જ્ઞાતિના વચ્ચે જે સદભાવના છે. તેને અમુક હેતુ સિધ્ધ કરવા પણ કેટલાક ઈસમો ઉશ્કેરણીજનક એસ.એમ.એસ. મોકલી શાંત વાતાવરણ ડહોળવા પ્રયાસ કરે તેવી શકયતા નકારી શકાતી નથી. કેટલીક વખત ઈરાદાપુર્વક ઉશ્કેરણીજનક અફવાઓ આવા એસ.એમ.એસ./Social Media Platforms/અન્ય ઈલેકટ્રોનીક માધ્યમો દ્વારા ફેલાવવામાં આવે છે. તેના પરીણામ સ્વરૂપે જાહેર સુલેહ શાંતિ ભંગ થાય છે અને ચૂંટણી પ્રક્રિયા ઉપરાંત રોજીંદા જીવન-વ્યવહાર ઉપર પણ તેની વ્યાપક ખોટી અસરો ફેલાય છે. પરીણામે સામુહિક માનસિક તંગદીલી પણ પેદા થતી હોય છે. અનુભવના આધારે અને વ્યાપક મળતી માહિતીઓના આધારે એમ પ્રસ્થાપિત થયેલ છે કે કોમી તંગદીલી ફેલાશે કે કાયદો અને વ્યવસ્થા જોખમાવે કે ચૂંટણી પ્રક્રિયાને ખોરંભે પડે તેવા વજુદ વગરના ખોટા સમાચારો મોબાઈલ ફોનના ગ્રુપ તેમજ વ્યકિતગત એસ.એમ.એસ./Social Media Platforms/અન્ય ઈલેકટ્રોનીક માધ્યમો દ્વારા પસાર થાય છે અને આવા ખોટા સંદેશા વ્યવહારના લોકોમાં આપ-લે થાય છે. જેના પરિણામ સ્વરૂપે કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિ જોખમાય છે અને અશાંતિનું વાતાવરણ તુર્તજ નિર્માણ પામે છે. આવા એસ.એમ.એસ./Social Media Platforms/અન્ય ઈલેકટ્રોનીક માધ્યમો દ્વારા ખોટી માહિતી કે અફવાઓ ફેલાય તો જાહેર સુલેહ શાંતિ તથા જાહેર જનતાને ત્રાસ અથવા અડચણ અથવા ઈજા થવાની અને મુકત, ન્યાયી તથા તટસ્થ રીતે ચૂંટણી યોજવાની પ્રક્રિયાને બાધારૂપ બનવાની સંપુર્ણ શકયતા હોય અને તેમ થાય તો તેમાંથી તંગદીલી, હુલ્લડ, કોમી તંગદીલી તથા પક્ષાપક્ષની તંગદીલી ફેલાય જેના પરીણામે જાહેર હિત જોખમાય તેમ જણાય છે. જેથી આવી શકયતાઓનું તાત્કાલીક અસરકારક નિવારણ કરવું અતિ આવશ્યક અને અનિવાર્ય બનેલ છે.

જેથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું, **કે. બી. ઝવેરી IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, મોરબી જિલ્લા,** ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫માં તા. ૨૯-૦૫-૨૦૨૫ થી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી નીચે જણાવ્યા મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

મોબાઈલ સર્વિસ આપતી કંપનીઓ જેવી કે, વીઆઈ, બી.એસ.એન.એલ.(સેલ વન), રીલાયન્સ જીયો, એરટેલ તેમજ Wi-Fi સર્વીસ પ્રોવાઈડર વિગેરે જેવી કંપનીઓએ સમગ્ર મોરબી જિલ્લા વિસ્તારમાં કાયદાનો ભંગ થાય તેવા તેમજ ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનો ભંગ થાય તેવા તથા રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ આદેશો / સુચનાઓનો ભંગ થાય તેવા, સક્ષમ સતાધીશ/સમિતિ દ્વારા પ્રસારણ માટે પ્રમાણિત થયા ન હોય તેવા અને મુકત, ન્યાયી અને શાંતિપુર્ણ વાતાવરણમાં શાંતિપુર્ણ ચૂંટણી પ્રક્રિયાને દુષિત કરે તેવા ગ્રુપ/બલ્ક એસ.એમ.એસ./ Social Media Platforms/અન્ય ઈલેકટ્રોનીક માધ્યમો દ્વારા પ્રસારીત કરવા કે કરવા દેવા નહીં તથા રાજકીય પ્રકાર તથા સ્વરૂપના ગ્રુપ/બલ્ક એસ.એમ.એસ./ Social Media Platforms/અન્ય ઈલેકટ્રોનીક માધ્યમો દ્વારા મતદાન પુર્ણ થવાના ૪૮ કલાક પહેલા એટલે કે, તા. ૨૦-૦૬-૨૦૨૫ થી તા. ૨૨-૦૬-૨૦૨૫ સુધી સંપુર્ણપણે પ્રસારણને પ્રતિબંધીત કરવું.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ બીનજામીનલાયક ફોજદારી ગુનો છે. જેથી કોઈ પણ આવી કંપનીના સંચાલક, કર્મચારી, એજન્ટ, કોઈપણ રાજકીય પક્ષ કે કોઈપણ ઈસમ આ હુકમનું ઉલ્લંઘન કરશે નહીં. સદર હેતુ માટે તમામને વ્યકિતગત નોટીસ બજવણી શકય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છું.

આ હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેમજ મોબાઈલ સર્વિસ આપતી કચેરીઓની મુખ્ય કચેરીઓ ઉપર તેમજ તેના સંચાલક, એજન્ટને તથા ઉમેદવારના હોદ્દેદારોને બજવણી કરવા અને તેની નકલો ચોંટાડી અને રાખેતા મુજબ વર્તમાનપત્રો અને રાજયપત્રમાં પ્રસિધ્ધ કરાવી પ્રસિધ્ધ કરવા સારૂ ફરમાવું છું.

આજ રોજ તા. ૩૦, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૩૦ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાર પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.-૨૫/૧૨/૨૦૨૫.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૫-૦૬-૨૦૨૫ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણી દરમિયાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતિમય વાતાવરણમાં થાય અને કોઈ વિક્ષેપો ઉભા ન થાય તે માટે જાહેર સુલેહ શાંતિનો ભંગ અટકાવવા જરૂરી જણાતુ હોઈ, સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી આદર્શ આચાર સંહિતાના અમલીકરણની સુચનાઓ ધ્યાને લેતા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ પગલાં લેવા માટે પુરતા કારણો હોય અને અત્રેની રચાયેલ જિલ્લા સ્ક્રિનીંગ કમિટીની તા. ૩૦-૦૫-૨૦૨૫ના રોજ રાખવામાં આવેલ બેઠકમાં નીચે મુજબનું જાહેરનામું બહાર પાડવાનો નિર્ણય કરવામાં આવ્યો.

તેથી હું, **કે. બી. ઝવેરી, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સતાની રૂએ આથી ફરમાવુ છું કે,

ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫માં સમાવિષ્ટ ચૂંટણી હેઠળના વિસ્તારમાં મોરબી જિલ્લામાં આવેલ તમામ આત્મરક્ષણના/પાકરક્ષણના પરવાનેદારો (અપવાદ સિવાયના) એ તેમના પરવાનવાળા હથિયાર સાથે કોઈ સરઘસ કાઢવા કે સભા યોજવા કે તેમાં ભાગ લેવા કે હથિયાર સાતે જાહેર સ્થળે ફરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

અપવાદ :

૧. ફરજ પર રોકાયેલા પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓની ફરજના ભાગ રૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ છે.

૨. તમામ મેજીસ્ટ્રેટ, કસ્ટમ, ફોરેસ્ટ, ઈન્કમટેક્ષ, સેન્ટ્રલ એકસાઈઝ, પોર્ટ, રેલવે, સંરક્ષણની ત્રણેય પાંખોના અધિકારીઓ/કર્મચારીઓ.

૩. મોરબી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહીત) ના નામે જે હથિયાર પરવાનો ધરાવતાં હોય તેમને તેમના પરવાના વાળા હથિયારો હેરફેર કરવા પર પ્રતિબંધમાંથી મુકિત આપવામાં આવે છે.

૪. ઔદ્યોગિક એકમો, ખાનગી સંસ્થાઓ, ટ્રસ્ટો વગેરે પોતે પરવાના ધરાવતી હોય તે સંસ્થા અને માન્યતા ધરાવતી સિકયુરીટી એજન્સીના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત, સહકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતાં હોય તેવા હથિયારધારી સિકયુરીટી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાં આથી મુકિત આપવામાં આવે છે. આવા સિકયુરીટી ગાર્ડએ તેઓ બેન્કમાં સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોય તે સંબંધિત એજન્સી/એકમનું ફોટોગ્રાફ સાથેનું ઓળખપત્ર પોતાની સાથે રાખવાનું રહેશે. તેમજ જે તે સંબંધિત એજન્સી/એકમના અધિકૃત અધિકારીશ્રીએ આવા સિક્યુરીટી ગાર્ડની વિગતવાર માહિતી જે તે સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે અને સબંધિત પોલીસ સ્ટેશને આ અંગે નિયમોનુસારની ચકાસણી કરી લેવાની રહેશે.

૫. શુટીંગની રમતના રમતવીર કે જેઓ વિવિધ સ્તરે રાષ્ટ્રીય રાઈફલ એસોસિએશનના સભ્ય છે અને તેમણે વિવિધ શુટીંગ સ્પર્ધામાં ભાગ લેવાનો થતો હોય જેમાં તેઓ તેમની રાઈફલનો ઉપયોગ કરે છે તેમને પ્રતિબંધોમાંથી મુકિત આપવામાં આવે છે.

વધુમાં આથી આદેશ કરૂં છું કે, ઉપરોકત તમામ હથિયારો ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તા. ૨૭-૦૬-૨૦૨૫ પછી દિન-૭ માં સંબંધિત તમામ પરવાનેદારોને પરત સોંપી આપવા અંગેની કાર્યવાહી સંબંધિત પોલીસ સ્ટેશનના અધિકારીએ પૂર્ણ કરી લેવાની રહેશે. આવા હથિયારો સમયસર પરત મેળવી લેવાની જવાબદારી સંબંધિત પરવાનેદારની રહેશે.

આ હુકમનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે. જેની સર્વેએ નોંધ લેવી.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના મોરબી જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે તા. ૩૦-૦૫-૨૦૨૫ થી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ હુકમ સમગ્ર મોરબી જિલ્લામાં લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ રોજ તા. ૩૧, માહે-મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૩૧ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાર પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.-૨૫/૭/૨૦૨૫.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૫-૦૬-૨૦૨૫ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં મતદારો નિર્ભયપુર્વક અને શાંતિપુર્ણ વાતાવરણમાં મતદાન કરી શકે તેમજ મતદાનની કાર્યવાહી દરમ્યાન અસામાજીક કે તોફાની તત્વો કોઈ ખલેલ પહોંચાડે નહીં તેમજ અન્ય ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી તે માટે નીચે હુકમ કરવો જરૂરી હોવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ **હું, કે. બી. ઝવેરી, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી** આ હુકમથી ફરમાવું છું કે, ''ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ ચૂંટણી માટે મતદાન મથકો તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ એકત્રિત થશે નહી કે મતદાન મથકમાં પ્રવેશી શકશે નહી કે વાહનો લઈ જઈ શકશે નહીં કે લાવશે નહીં''.

અપવાદ :

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

૧. ચૂંટણી તેમજ ચૂંટણીના સંચાલન અંગેની ફરજ જે અધિકારી/કર્મચારીઓને સોંપવામાં આવેલ છે તે તમામ અધિકારીઓ/કર્મચારીઓ

૨. મતદાન કરવા આવનાર મતદારો

૩. ચૂંટણીમાં ઉભેલ ઉમેદવાર

૪. ચૂંટણીના હરીફ ઉમેદવારના ચૂંટણી એજન્ટ કે તેના અધિકૃત મતદાન એજન્ટ

૫. લગ્નના વરઘોડાને/સ્મશાન યાત્રાને અને મતદાન મથક નજીક ધંધો કે રહેણાંક ધરાવતા પ્રજાજનોને તેમના મકાન/ધંધાના સ્થળે આવવા-જવા

૬. ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડ/પેરામીલટ્રી ફોર્સના અધિકારી તથા જવાનો.

આ હુકમ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં લાગુ પડશે. તેમજ આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ રોજ તા. ૩૦, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૩૦ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાલ પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.-૨૫/૫/૨૦૨૫.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૫-૦૬-૨૦૨૫ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણી માટેના ઉમેદવારી પત્રો રજુ કરવા સમયે ઉમેદવારો મોટી સંખ્યામાં કાર્યકરો, ટેકેદારો અને સમર્થકો સાથે ઢોલ નગારા અને વાહનોની મોટી સંખ્યા લઈ ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી પત્ર રજુ કરવા આવે છે. જેના કારણે ચૂંટણીના સરળ સંચાલન માટે રાજ્ય ચૂંટણી આયોગની પ્રવર્તમાન સુચનાઓની અમલવારી સુનિશ્ચિત કરવા નીચે મુજબ હુકમ કરવો ઈષ્ટ જણાતું હોય, જેથી હું, **કે. બી. ઝવેરી IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, મોરબી જિલ્લા** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું.

૧. ઉમેદવારી પત્રો રજુ કરવા માટે ચૂંટણી અધિકારી/નિર્દિષ્ટ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવાર અથવા તેના દરખાસ્ત કરનાર અને અન્ય ચાર મળી પાંચ વ્યકિતઓ જ પ્રવેશી શકશે. કોઈપણ સુચિત ઉમેદવારે તેમના ટેકેદારો, દરખાસ્ત કરનારાઓ કે સમર્થકો સાથે ચાર થી વધુ સંખ્યામાં ચૂંટણી અધિકારી/નિર્દિષ્ટ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશ કરવો નહી.

૨. ઉમેદવારી પત્ર ૨જુ ક૨વા આવતા સમયે ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરી આસપાસના ૧૦૦ મીટ૨ના વિસ્તા૨માં વધુમાં વધુ ત્રણ વાહનો સાથે પ્રવેશી શકાશે. ત્રણથી વધુ વાહનો સાથે કચેરીના ૧૦૦ મીટ૨ના વિસ્તા૨માં કોઈએ પ્રવેશવું નહીં.

૩. ઉપ૨ મુજબની સુચનાઓનો અમલ ઉમેદવા૨ જયા૨ે તેઓનું ઉમેદવારી પ્રમાણપત્ર લેવા આવે ત્યા૨ે પણ ક૨વાનો ૨હેશે તથા ઉપર્યુકત કામે ઉપયોગમાં લેવાયેલ વાહનોનો ખર્ચ ઉમેદવા૨ના ખર્ચમાં ઉધા૨વાનો ૨હેશે.

ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીએ ઉમેદવારી પત્ર લેવા આવનાર વ્યકિતએ આ હુકમની તેમજ રાજ્ય ચૂંટણી આયોગના અદ્યતન પ્રવર્તમાન ઠરાવ/પરિપત્રોની નકલ પુરી પાડવાની ૨હેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન ક૨નાર વ્યકિત કે રાજકીય પક્ષ/ઉમેદવા૨ અથવા આવા કોઈ વ્યકિત દ્વારા ઉકત નિયમોનું ભંગ કરવામાં આવશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ હુકમ અન્વયે ફ૨જ પ૨ના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના મોરબી જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ ક૨નાર ઈસમો સામે ફ૨ીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા. ૨૯-૦૫-૨૦૨૫ થી તા. ૨૭-૦૬-૨૦૨૫ સુધી અમલમાં ૨હેશે. તેમજ મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ ક૨વાની ૨હેશે.

આજ રોજ તા. ૩૦, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૩૦ માહે મે, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) અન્વયે બહાર પાડેલ

જાહેરનામું

નં. જે/એમએજી-૨/ભારે વાહન/ટીકર રોડ/જાહેરનામું/૧૧૦૭(૨)/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), મોરબીના પત્ર ક્રમાંક : પીબી/રોડ/૧૭૯૯, તા. ૧૧-૦૭-૨૦૨૫ના પત્રથી પ્રાંગધ્રા કુડા ટીકર રોડ પર કી.મી. ૫૦/૦૦ થી ૫૧/૦૦ વચ્ચે આવેલ મેજર બ્રિજ પરથી રેતીના ટ્રકો કે અન્ય ભારે વાહનો પસાર થવાથી બ્રિજ ડેમેજ થવાની સંભાવના રહેલ છે તેમજ આ બ્રિજનું મંજુર થયેલ રીપેરીંગ તથા સ્લેબ રીકાસ્ટીંગની પ્રક્રિયા પુર્ણ ન થાય ત્યાં સુધી આ બ્રિજ પરથી રેતીના ટ્રકો કે અન્ય ભારે વાહનો પસાર થવા પર પ્રતિબંધ અંગેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ), મોરબીના પત્રની વિગતે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી, મોરબીનો અભિપ્રાય મંગાવતા, પોલીસ અધિક્ષકશ્રી, મોરબીના પત્ર ક્રમાંક : જી.ટ્રા/વાહન/પ્રતિબંધ/અહેવાલ/૭૪૧/૨૫, તા. ૧૧-૦૭-૨૦૨૫ના પત્રની વિગતે આ કામે હકારાત્મક અભિપ્રાય આપવામાં આવેલ છે.

આ કામે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), મોરબીના તરફથી મળેલ દરખાસ્ત અને પોલીસ અધિક્ષકશ્રી, મોરબીના અભિપ્રાય મુજબ હું, **કે. બી. ઝવેરી, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી** અમોને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબના રસ્તા ઉપર આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખ થી અન્ય જાહેરનામું બહાર પાડવામાં ન આવે ત્યાં સુધી પ્રાંગધ્રા કુડા ટીકર રોડ પર કી.મી. ૫૦/૦૦ થી ૫૧/૦૦ વચ્ચે આવેલ મેજર બ્રિજ પરથી રેતીના ટ્રકો કે અન્ય ભારે વાહનોના પ્રતિબંધ બાબતનું આથી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

વૈકલ્પિક રસ્તા :

(૧) હળવદથી આવતા વાહનો ટીકર ગામ થઈને માધવનગર જઈ શકાશે.

(૨) માધવનગર થી આવતા વાહનો ટીકર ગામ થઈને હળવદ જઈ શકાશે.

મુક્તિ :

- અત્રેથી પુર્વ મંજુરી મેળવેલ હોય તેવા વાહનોને આ જાહેરનામાંની જોગવાઈઓના અમલમાંથી મુકિત આપવામાં આવે છે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર બનશે.

આજ તા. ૧૧, માહે જુલાઈ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

મોરબી, ૧૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) અન્વયે બહાર પાડેલ

જાહેરનામું

નં. જે/એમએજી-૨/ભારે વાહન/ટીકર રોડ/જાહેરનામું/૧૧૦૭/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), મોરબીના પત્ર ક્રમાંક : પીબી/રોડ/૧૮૦૧, તા. ૧૧-૦૭-૨૦૨૫ના પત્રથી માળીયા-પીપળીયા સ્ટેટ હાઈવેમાં પર આવેલ મેજર પુલને ભારે વાહનો માટે બંધ કરવું જરૂરી હોય, વિશયોકત બ્રિજની મુલાકાત ડીઝાઈન ટીમ દ્વારા કરવામાં આવનાર છે. જેથી ફાઈનલ રીપોર્ટ ન આવે ત્યાં સુધી માળીયા-પીપળીયા સ્ટેટ હાઈવે પર આવેલ પુલ (માળીયા ગામ પાસે) ભારે વાહનોના પ્રતિબંધ અંગેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ), મોરબીના પત્રની વિગતે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી, મોરબીનો અભિપ્રાય મંગાવતા, પોલીસ અધિક્ષકશ્રી, મોરબીના પત્ર ક્રમાંક : જી.ટ્રા/વાહન/પ્રતિબંધ/અહેવાલ/૭૩૯/૨૫, તા. ૧૧-૦૭-૨૦૨૫ના પત્રની વિગતે આ કામે હકારાત્મક અભિપ્રાય આપવામાં આવેલ છે.

આ કામે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), મોરબીના તરફથી મળેલ દરખાસ્ત અને પોલીસ અધિક્ષકશ્રી, મોરબીના અભિપ્રાય મુજબ હું, **કે. બી. ઝવેરી, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી** અમોને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબના રસ્તા ઉપર આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખ થી અન્ય જાહેરનામું બહાર પાડવામાં ન આવે ત્યાં સુધી માળીયા-પીપળીયા સ્ટેટ હાઈવે પર આવેલ પુલ (માળીયા ગામ પાસે) પર ભારે વાહનોના પ્રતિબંધ બાબતનું આથી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

વૈકલ્પિક રસ્તા :

(૧) જામનગર જવા માટે અમદાવાદ/કચ્છ તરફથી આવતા વાહન વ્યવહાર હાલ માળીયા થી પીપળીયા રસ્તાની જગ્યાએ માળીયાથી મોરબી ટંકારા/આમરણ ધ્રોલ લતીપર વાળા રસ્તાનો ઉપયોગ કરશે.

(૨) જામનગર આમરણ તરફથી આવતા વાહનો પીપળીયા ચાર રસ્તા થી મોરબી થઈને માળીયા/કચ્છ તરફ જઈ શકાશે.

મુકિત :

- અત્રેથી પુર્વ મંજુરી મેળવેલ હોય તેવા વાહનોને આ જાહેરનામાંની જોગવાઈઓના અમલમાંથી મુકિત આપવામાં આવે છે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર બનશે.

આજ તા. ૧૧, માહે જુલાઈ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

મોરબી, ૧૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) અન્વયે બહાર પાડેલ

જાહેરનામું

નં. જે/એમએજી-૨/ભારે વાહન/ટીકર રોડ/જાહેરનામું/૧૧૦૭(૩)/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, સૌરાષ્ટ્ર શાખા નહેર વિભાગ નં. ૨/૧, સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ, ધ્રાંગધ્રાના જાવક નં. સૌ.શા.ન.વિ.નં.૨/૨/પીબી/SHRB પુલ/ભારે વાહન પ્રતિબંધ/૯૩૩, તા. ૧૦-૦૭-૨૦૨૫ના પત્રથી માળીયા શાખા નહેરની સાંકળ ૦.૦૦ થી ૧૩૭.૯૩ કી.મી. આવે છે. જે લખતર, ધાંગધ્રા, હળવદ અને માળીયા તાલુકામાંથી પસાર થાય છે. જે માળીયા-પીપળીયા-જામનગર સ્ટેટ હાઈવે પર ૦/૪૦૦ સાંકડ કે જે માળીયા થી મોરબી-કચ્છ હાઈવે તરફ જતાં રેલ્વે ફાટકની પાસે છે. સાઈટ ઈન્સપેકશન કરતા બ્રિજમાં વર્ટીકલ તથા હોરિઝોટલ (આડી અને ઉભી) ક્રેક જોવા મળેલ છે. જેથી સદર બ્રિજનું ઈન્સપેકશન કરતાં સદરહું બ્રિજ ''Critical'' પરિસ્થિતિમાં છે અને સદરહું બ્રિજ હાલમાં ઉપયોગમાં લઈ શકાય તેવી અવસ્થામાં ન હોય સદર બ્રિજ પર જાહેર પરિવહન પર પ્રતિબંધ અંગેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, કાર્યપાલક ઈજનેરશ્રી, સૌરાષ્ટ્ર શાખા નહેર વિભાગ નં. ૨/૧, સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ, ધાંગધ્રા તરફથી મળેલ દરખાસ્ત મુજબ હું, **કે. બી. ઝવેરી, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી** અમોને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી અન્વયે મળેલ સત્તાની રૂએ માળીયા-પીપળીયા-જામનગર સ્ટેટ હાઈવે ૦/૪૦૦ સાંકડ કે જે માળીયા થી મોરબી-કચ્છ હાઈવે તરફ જતાં રેલ્વે ફાટક પાસેના પુલ પર આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી અન્ય જાહેરનામું બહાર પાડવામાં ન આવે ત્યાં સુધી ભારે વાહનોના પ્રતિબંધ અને અન્ય વાહનો માટે નિગમ દ્વારા બનાવેલ હયાત રોડનો ઉપયોગ કરવા બાબતનું આથી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

ભારે વાહન માટેના વૈકલ્પિક રસ્તા :

(૧) જામનગર જવા માટે અમદાવાદ/કચ્છ તરફથી આવતા વાહન વ્યવહાર હાલ માળીયા થી પીપળીયા રસ્તાની જગ્યાએ માળીયાથી મોરબી ટંકારા/આમરણ ધ્રોલ લતીપર વાળા રસ્તાનો ઉપયોગ કરશે.

(૨) જામનગર આમરણ તરફથી આવતા વાહનો પીપળીયા ચાર રસ્તા થી મોરબી થઈને માળીયા/કચ્છ તરફ જઈ શકાશે.

મુક્તિ :

- અત્રેથી પુર્વ મંજુરી મેળવેલ હોય તેવા વાહનોને આ જાહેરનામાંની જોગવાઈઓના અમલમાંથી મુક્તિ આપવામાં આવે છે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર બનશે.

આજ તા. ૧૧, માહે જુલાઈ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

મોરબી, ૧૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) અન્વયે બહાર પાડેલ

જાહેરનામું

નં. જે/એમએજી-૨/ભારે વાહન/ટીકર રોડ/જાહેરનામું/૧૧૦૭(૧)/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), મોરબીના પત્ર ક્રમાંક : પીબી/રોડ/૧૮૦૦, તા. ૧૧-૦૭-૨૦૨૫ના પત્રથી વાંકાનેર કુવાડવા રોડ પર કી.મી. ૧૦/૬૦૦ થી ૧૦/૮૦૦ વચ્ચે આવેલ મેજર બ્રિજ પરથી ભારે ટ્રકો કે અન્ય ભારે વાહનોના પ્રતિબંધ અંગેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ), મોરબીના પત્રની વિગતે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી, મોરબીનો અભિપ્રાય મંગાવતા, પોલીસ અધિક્ષકશ્રી, મોરબીના પત્ર ક્રમાંક : જી.ટ્રા/વાહન/પ્રતિબંધ/અહેવાલ/૭૪૦/૨૫, તા. ૧૧-૦૭-૨૦૨૫ના પત્રની વિગતે આ કામે હકારાત્મક અભિપ્રાય આપવામાં આવેલ છે.

આ કામે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), મોરબીના તરફથી મળેલ દરખાસ્ત અને પોલીસ અધિક્ષકશ્રી, મોરબીના અભિપ્રાય મુજબ હું, **કે. બી. ઝવેરી, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી** અમોને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબના રસ્તા ઉપર આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખ થી અન્ય જાહેરનામું બહાર પાડવામાં ન આવે ત્યાં સુધી વાંકાનેર કુવાડવા રોડ પર કી.મી. ૧૦/૬૦૦ થી ૧૦/૮૦૦ વચ્ચે આવેલ મેજર બ્રિજ પરથી ભારે ટ્રકો કે અન્ય ભારે વાહનોના પ્રતિબંધ બાબતનું આથી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

વૈકલ્પિક રસ્તા :

(૧) રાજકોટ તરફથી આવતા વાહનો માટે બ્રિજના ડાઉન સ્ટ્રીમમાં આવેલ ડાયવર્ઝન પરથી વાંકાનેર તરફ જઈ શકાશે.

(૨) વાંકાનેર તરફથી આવતા વાહનો માટે બ્રિજના ડાઉન સ્ટ્રીમમાં આવેલ ડાયવર્ઝન પરથી રજાકોટ તરફ જઈ શકાશે.

મુક્તિ :

- અત્રેથી પુર્વ મંજુરી મેળવેલ હોય તેવા વાહનોને આ જાહેરનામાંની જોગવાઈઓના અમલમાંથી મુક્તિ આપવામાં આવે છે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર બનશે.

આજ તા. ૧૧, માહે જુલાઈ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

મોરબી, ૧૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

કે. બી. ઝવેરી
જિલ્લા મેજિસ્ટ્રેટ
મોરબી જિલ્લા

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી અન્વયે બહાર પાડેલ

જાહેરનામું

નં. જે/એમએજી-૨/રથયાત્રા/જાહેરનામુ/૨૩૦૬(૩)/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, મોરબીના પત્ર નં. એલ.આઈ.બી./પ્રવેશ બંધ/જાહેરનામું/૩૬૮/૨૦૨૩, તા. ૨૩-૦૬-૨૦૨૫ ના પત્રથી અષાઢી બીજ નીમીતે મોરબી શહેરના વિસ્તારમાંથી રથયાત્રા નિકળનાર હોય અને આ રથયાત્રા (શોભાયાત્રા) મોરબી શહેરના મધ્યભાગ, મચ્છુ માતાજીના મંદિર આસ્વાદ પાસેથી નીકળી સુપરટોકીઝ-સી.પી.આઈ. ચોક-નગરદરવાજા-સોની બજાર-ગ્રીન ચોક-દરબારગઢ થઈ મચ્છુ નદીના કાંઠે આવેલ મચ્છુ માતાજીના મંદિર સુધીના રૂટ ઉપર નીકળનાર છે અને આ રથયાત્રામાં મોટા પ્રમાણમાં લોકો એકઠા થઈ રથયાત્રા સાથે જોડાનાર હોય અને રથયાત્રા શહેરના મુખ્ય માર્ગ ઉપર પસાર થતી હોય જેના કારણે શહેર વિસ્તારમાં ટ્રાફિક સમસ્યાનો પ્રશ્ન ઉદ્ભવે તેમ હોય જેથી તા. ૨૭-૦૬-૨૦૨૫ ના રોજ દરખાસ્તમાં જણાવેલ સમય મુજબના રોડ રસ્તાઓ ઉપર વાહનની અવર જવર ઉપર પ્રતિબંધ જરૂરી જણાતો હોય જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે મુજબનું તા. ૨૭-૦૬-૨૦૨૩ ના રોજ જણાવેલ સમય તથા રોડ રસ્તાઓનું પ્રવેશબંધનુ તથા નો-પાર્કિંગનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, પોલીસ અધિક્ષકશ્રી, મોરબી તરફથી મળેલ દરખાસ્ત મુજબ હું, **એસ. જે. ખાચર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી,** અમોને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી અન્વયે મળેલ સત્તાની રૂએ તા. ૨૭-૦૬-૨૦૨૫ ના રોજ નીચે મુજબના સમય મુજબ નીચેના રોડ રસ્તાઓ ઉપર વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ બાબતનું તથા નો-પાર્કિંગ ઝોનનું જાહેરનામું બહાર પાડવા આથી હુકમ કરવામાં આવે છે.

તા. ૨૭-૦૬-૨૦૨૫ના રોજ વાહનોની અવર જવર પ્રવેશબંધ સ્થળ નીચે મુજબ છે.

- વી. સી. ફાટક થી નગરદરવાજા સુધી પ્રવેશ બંધ (ક. ૦૭-૦૦ થી ક. ૧૬-૦૦ સુધીનુ)
- જુના બસ સ્ટેશન થી નગરદરવાજા સુધી પ્રવેશ બંધ (ક. ૦૭-૦૦ થી ક. ૧૬-૦૦ સુધીનુ)
- ગોલા બજાર મયુર પુલના છેડા થી મચ્છુ માતાજીના મંદિર (દરબાર ગઢ) સુધી (ક. ૦૭-૦૦ થી ક. ૧૬-૦૦ સુધીનુ)
- નગરદરવાજા થી મચ્છુ માતાજીના મંદિર (દરબાર ગઢ) સુધી પ્રવેશ બંધ (ક. ૦૭-૦૦ થી ક. ૧૬-૦૦ સુધીનુ)
- લાતી ચોકી થી આસ્વાદ પાન સુધી પ્રવેશ બંધ (ક. ૦૭-૦૦ થી ક. ૧૩-૦૦ સુધીનુ)
- જડેશ્વર મંદિર થી આસ્વાદ પાન સુધી પ્રવેશ બંધ (ક. ૦૭-૦૦ થી ક. ૧૩-૦૦ સુધીનુ)
- સુપર ટોકિઝ થી આસ્વાદ પાન સુધી પ્રવેશ બંધ (ક. ૦૭-૦૦ થી ક. ૧૩-૦૦ સુધીનુ)
- જુના બસ સ્ટેશન થી આસ્વાદ પાન સુધી પ્રવેશ બંધ (ક. ૦૭-૦૦ થી ક. ૧૩-૦૦ સુધીનુ)
- મહેન્દ્રપરા થી આસ્વાદ પાન સુધી પ્રવેશ બંધ (ક. ૦૭-૦૦ થી ક. ૧૩-૦૦ સુધીનુ)
- રેલ્વે સ્ટેશન થી સુપર ટોકીઝ સુધી પ્રવેશ બંધ (ક. ૦૭-૦૦ થી ક. ૧૩-૦૦ સુધીનુ)
- પંચાસર ચોકડી (લાતી પ્લોટ) થી આસ્વાદ પાન સુધી પ્રવેશ બંધ (ક. ૦૭-૦૦ થી ક. ૧૩-૦૦ સુધીનુ)

નો પાર્કિંગ ઝોન જાહેર કરવા બાબત

રૂટ : મચ્છુ માતાજીના મંદિર આસ્વાદ પાસેથી નીકળી સુપરટોકીઝ-સી.પી.આઈ. ચોક-નગરદરવાજા-સોની બજાર-ગ્રીન ચોક-દરબારગઢ થઈ મચ્છુ નદીના કાંઠે આવેલ મચ્છુ માતાજીના મંદિર સુધીના રૂટ તા. ૨૭-૦૬-૨૦૨૫ના કલાક ૦૭-૦૦ થી કલાક ૧૬-૦૦ સુધી નો-પાર્કિંગ ઝોન જાહેર કરવામાં આવે છે.

ઉપરોકત રોડ રસ્તાઓના વૈકલ્પીક રસ્તા તરીકે નીચે મુજબના રસ્તાનો ઉપયોગ કરી શકાશે.

- વાવડી રોડ/પંચાસર રોડ તરફ થી આવતા વાહનો સામાકાંઠા તરફ જવા માટે મોરબી લાતી ચોકી થઈ જુના બસ સ્ટેશન થઈ વિજય ટોકીઝ થઈ વી. સી. ફાટક તરફ જઈ શકાશે.
- રવાપર રોડ શનાળા રોડ તરફ થી આવતા વાહનો સામાકાંઠા તરફ જવા માટે ગાંધી ચોક થઈ વિજય ટોકીઝ થઈ વી. સી. ફાટક તરફ જઈ શકાશે.
- રવાપર રોડ શનાળા રોડ તરફ થી આવતા વાહનો સામાકાંઠા તરફ જવા માટે જયદિપ ચોક થઈ લાતી ચોકી થઈ જુના બસ સ્ટેશન થઈ વિજય ટોકીઝ થઈ વી. સી. ફાટક તરફ જઈ શકાશે.
- શનાળા ગામ તરફ થી આવતા વાહનો મોરબી પંચાસર ચોકડી થઈ વાવડી ચોકડી થઈ નવલખી ફાટક થઈ વી.સી. ફાટક તરફ જઈ શકાશે.
- મોરબી-૨ માંથી મોરબી શહેરમાં પ્રવેશ કરવા માટે ગેડા સર્કલ થઈ વી.સી. ફાટક થઈ સેન્ટમેરી સ્કુલ થઈ નવલખી ફાટક થઈ મોરબી શહેર તરફ જઈ શકશે.
- જેતપર રોડ તરફથી આવતા વાહનો માટે રવિરાજ ચોકડી થઈ નવલખી ફાટક થઈ મોરબી શહેર વિસ્તારમાં જઈ શકાશે.
- વાંકાનેર તરફ આવતા વાહનો માટે રફાળેશ્વર થઈ લીલાપર ચોકડી થઈ રવાપર ચોકડી તરફ જઈ શકાશે.

મુકિત :

ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમના વાહનો, ફાયર ફાઈટર, સ્કુલ/કોલેજના વાહનો તેમજ પૂર્વ મંજુરી મેળવલ હોય તેવા વાહનોને આ જાહેરનામાની જોગવાઈઓના અમલમાંથી મુકિત આપવામાં આવે છે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર બનશે.

આજ તા. ૨૩, માહે જુન-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

મોરબી, ૨૩ માહે જુન, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી અન્વયે બહાર પાડેલ

જાહેરનામું

નં. જે/એમએજી-૨/રથયાત્રા/જાહેરનામુ/૨૫૦૬/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, મોરબીના પત્ર નં. એલ.આઈ.બી./પ્રવેશ બંધ/જાહેરનામું/૩૭૫/૨૦૨૫, તા. ૨૪-૦૬-૨૦૨૫ ના પત્રથી અષાઢી બીજ નીમીતે વાંકાનેર શહેરમાંથી રથયાત્રા નિકળનાર હોય જે રથયાત્રા વાંકાનેર શહેર વિસ્તારમાં ગ્રીન ચોક, ધર્મ ચોક, રસાલા રોડ, વાંઢી લીમડા ચોક ત્યાંથી જીનપરા જકાતનાકા મેઈન રોડ, જકાતનાકા હાઈવે તેમજ નેશનલ હાઈવે ૮-એ પરથી વાંકાનેર મીલપ્લોટ સુધી પસાર થનાર હોય જેથી વાંકાનેર શહેરના મુખ્ય માર્ગો પર વાહનનો અવર જવર બહોળી પ્રમાણમાં રહેનાર હોવાથી મોરબી-વાંકાનેરથી રાજકોટ તરફ જતા વાહનો માટે શહેરના મુખ્ય માર્ગ પર તા. ૨૭-૦૬-૨૦૨૫ ના સવારના કલાક ૦૮-૦૦ થી સાંજના કલાક ૧૮-૦૦ વાગ્યા સુધી નીચે જણાવેલ વૈકલ્પીક માર્ગ તરફ આવવા જવા માટે વૈકલ્પીક જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, પોલીસ અધિક્ષકશ્રી, મોરબી તરફથી મળેલ દરખાસ્ત મુજબ હું, **એસ. જે. ખાચર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી,** અમોને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી અન્વયે મળેલ સત્તાની રૂએ મોરબી-વાંકાનેરથી રાજકોટ તરફ જતા વાહનો માટે શહેરના મુખ્ય માર્ગ પર તા. ૨૭-૦૬-૨૦૨૫ ના સવારા કલાક ૦૮-૦૦ થી સાંજના કલાક ૧૮-૦૦ વાગ્યા સુધી નીચે જણાવેલ વૈકલ્પીક માર્ગ તરફ આવવા જવા માટે વૈકલ્પીક જાહેરનામું બહાર પાડવા આથી હુકમ કરવામાં આવે છે.

વૈકલ્પીક રૂટ-૧

- **રાજકોટ શહેર તથા ટંકારા મીતાણા, જામનગર તરફ થી આવતા** ભારે વાહનો અમરસર ફાટક થી સ્વામી વિવેકાનંદજી સ્ટેચ્યુથી બસ સ્ટેન્ડ રોડ થી દિવાનપરા રોડ થઈ અમરસિંહજી બાપુના સ્ટેચ્યુ થી સરકારી હોસ્પીટલ રોડ થઈ રાતીદેવરી ગામથી-વાંકીયાગામ થઈ નેશનલ હાઈવે તરફ આવી જઈ શકશે.

વૈકલ્પીક રૂટ-૨

- **મોરબી તરફ થી આવતા** ભારે વાહનો નેશનલ હાઈવે વાંકીયા ગામ થઈ રાતી દેવરી થી સરકારી હોસ્પીટલ થઈ અમરસિંહજી બાપુના સ્ટેચ્યુથી દિવાનપરા રોડ થઈ બસ સ્ટેન્ડ રોડ થી સ્વામી વિવેકાનંદજી સ્ટેચ્યુ થી રાજકોટ રોડ તથા અમરસર ગામ મીતાણા ટંકારા, જામનગર તરફ આવી જઈ શકશે.

વૈકલ્પીક રૂટ-૩

- **રાજકોટ શહેર તથા ટંકારા મીતાણા, જામનગર તરફ થી આવતા** ભારે વાહનો અમરસર ફાટક થી સ્વામી વિવેકાનંદજી સ્ટેચ્યુથી બસ સ્ટેન્ડ રોડ થી દિવાનપરા રોડ થઈ અમરસિંહજી બાપુના સ્ટેચ્યુથી સરકારી હોસ્પીટલ રોડ થઈ રાતીદેવરી ગામથી જડેશ્વર રોડ થઈ મોરબી તરફ આવી જઈ શકશે.

વૈકલ્પીક રૂટ-૪

- **ટંકારા, લજાઈ થી આવતા વાહનો જડેશ્વર રોડ થઈ મોરબી** તરફ આવી જઈ શકશે.

મુકિત :

ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમના વાહનો, ફાયર ફાઈટર, સ્કુલ/કોલેજના વાહનો તેમજ પૂર્વ મંજુરી મેળવલ હોય તેવા વાહનોને આ જાહેરનામાની જોગવાઈઓના અમલમાંથી મુકિત આપવામાં આવે છે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર બનશે.

આજ તા. ૨૫, માહે જુન-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

મોરબી, ૨૫ માહે જુન, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ

હુકમ

નાં. જે/એમએજી/ક.૩૭(૩)જા.નામું./૨૩૦૬/૨૦૨૫.-આગામી માહે જુલાઈ-૨૦૨૫ ના માસનાં મોરબી જિલ્લામાં હાલમાં જુદા જુદા સંવર્ગના સરકારી કર્મચારીઓની વિવિધ માંગો અને સામાજિક સંગઠનો તેમજ રાજકીય પક્ષોની સરકારશ્રી વિરૂધ્ધ જુદા જુદા પ્રશ્નોની રજુઆત અન્વયે કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સભા, સરઘસ, આંદોલન, રેલીના પ્રતિબંધ માટે જિલ્લામાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ પેટા કલમ-૩ નીચે હુકમ કરવો જરૂરી હોવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) થી મળેલ અધિકારની રૂએ હું, **એસ. જે. ખાચર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી,** આથી આદેશ કરૂં છું કે, મોરબી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૧-૦૭-૨૦૨૫ થી તા. ૩૧-૦૭-૨૦૨૫ સુધી સક્ષમ અધિકારીની મંજુરી વિના જાહેર સ્થળોએ અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્રીત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે સરઘસ કાઢવું નહી.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સ્થાનિક સતાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિતને, સંસ્થાને.

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્ન વરઘોડાને.

(૪) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૫) કોઈ સ્મશાન યાત્રાને.

(૬) સરકારશ્રીના વિવિધ વિભાગો, બોર્ડ-નિગમ દ્વારા આયોજીત કાર્યક્રમો.

હું એવો આદેશ કરૂ છુ કે આ હુકમ મોરબી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનુ પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનુ રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૪મી, માહે જુન-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૨૪ માહે જુન, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. જે/એમએજી/જાહેર સ્થળ/સીસીટીવી/કેમેરા/જા.નામુ/વશી-૨૩૦૬(૨)/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, મોરબીના તા. ૨૧-૦૬-૨૦૨૫ ના પત્રથી જણાવ્યાનુસાર રાજ્યના અમુક વિસ્તારોમાં બેંક અને એ.ટી.એમ. (A.T.M.) સેન્ટરમાંથી રૂપિયા લઈ બહાર નીકળનાર બેંકના ગ્રાહકો સાથે ચોરી/લુંટના બનાવો બનવા પામેલ છે. આ પ્રકારના ગુન્હા આચરતી વખતે ગુન્હાહીત તત્વો બેકમાં અને એ.ટી.એમ. સેન્ટરમાં રેકી (અભ્યાસ) કરવા અવશ્ય આવતા હોય છે. આવા પ્રકારના બનાવો મોરબી જિલ્લા વિસ્તારમાં બનતા નિવારી શકાય તે હેતુથી અને બેંકોની સુરક્ષાના દ્રષ્ટિકોણને ધ્યાને લઈ બેંક તથા એ.ટી.એમ (A.T.M.) સેન્ટરની અંદર-બહાર વ્યુહાત્મક સ્થાને લાંબા સમય સુધી રેકોર્ડીંગ રહી શકે તે પ્રકારના કેમેરા (C.C.T.V.) લગાડવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. તેમજ પોલીસ ઈન્સપેકટરશ્રી, એલ.આઈ.બી., મોરબીના તા. ૨૧-૦૬-૨૦૨૫ ના પત્ર નં. એલ.આઈ.બી./જાહેરનામું/૩૦૫/૨૦૨૫ થી જણાવ્યાનુસાર શહેરમાં અને હાઈ-વે પર આવેલ મંદિરોમાંથી આભુષણોની ચોરી, વાહન ચોરી, એન્ટીક મુર્તિઓની ચોરી, ધાડ અને લુંટના બનાવો બનવા પામેલ હોય નાગરીકો અસલામતિ અનુભવે છે. આ પ્રકારના ગુન્હાઓ આચરતા ગુન્હેગારોને પકડવાનું મુશ્કેલ બને છે. પરંતુ આ પ્રકારના ગુન્હાઓ આચરતા ગુન્હેગારોની પુછપરછ દરમિયાન એવું જણાયેલ છે કે, ગુન્હેગારો ગુનો આચરતી વેળા વાહનનો ઉપયોગ કરે છે અને ગુન્હો કર્યા બાદ ૫૦ થી ૬૦ કી.મી. દુર જઈ હાઈ-વે પરના કે જિલ્લાના મુખ્ય રોડ પર આવેલ પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ/ડીઝલ તેમના વાહનોમાં ભરાવે છે. એટલું જ નહીં ગુન્હો કરવા આવે ત્યારે કે પરત જતી વખતે હાઈ-વે પરની હોટલોમાં ચા-પાણી પીવે કે જમતા હોય છે. આવા ગંભીર ગુન્હાઓ ઈન્વેસ્ટીગેશન દરમિયાન ગુન્હેગારોને શોધી કાઢવા માટે હાઈ-વે પરના દરેક પેટ્રોલ પંપો અને દરેક હોટલો પર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન હાઈડેફીનેશનવાળા) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ હોવી જરૂરી છે. જેથી ગુના બનતા અટકાવી શકાય અને ગુનો બને તો તેવા સંજોગોમાં ગુન્હેગારોને પકડી કાયદાનુસાર નશ્યત પહોંચાડી શકાય તથા માનવ જીંદગીની ખુવારી ન થાય અને લોકોની માલ-મિલ્કતને નુકસાન ન થાય તે માટે તકેદારીના પગલા રૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેંચનાર શો-રૂમ તથા બીગ બાઝાર જેવા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ થીએટર, શોપીંગ સેન્ટર, પેટ્રોલ પંપ, પેટ્રોલ પંપોની આજુબાજુમાં આવેલ દુકાનો, હાઈ-વે પરની હોટલો વગેરે જગ્યાઓ પર કેટલાક નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું, **એસ. જે. ખાચર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

મોરબી જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ એ.ટી.એમ. (A.T.M.) સેન્ટર, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાતના શો-રૂમ તથા બીગ બાઝાર જેવા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ થીએટર, એલ.પી.જી. તથા પેટ્રોલ-ડીઝલના પેટ્રોલીયમ કંપનીના સ્ટોરેજ ડેપોના પ્રવેશદ્વાર પર સીકયુરીટી મેન ફરજ પર નિયુક્ત કરવાના રહેશે તથા પ્રવેશ દ્વાર પર તથા બહાર નીકળવાના દ્વારે રોડ પરથી પ્રવેશ કરનાર અને બહાર નીકળનારના રોડ સુધીના રેકોર્ડીંગ પ્રાપ્ત થઈ શકે તે રીતે રીસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યાઓ તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લેવામાં આવે તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે. તેમજ હાઈ-વે પર આવેલ તમામ પેટ્રોલ પંપના ફીલીંગ સ્ટેશન પર તથા પેટ્રોલ પંપની આજુબાજુમાં આવેલ દુકાનો પર ગાડીના નંબર અને ગાડીના ડ્રાઈવર તથા ડ્રાઈવરની બાજુમાં બેસેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે હાઈડેફીનેશનવાળા નાઈટ વિઝન ધરાવતા સી.સી.ટી.વી. કેમેરા રાખવાના રહેશે તેમજ તમામ હોટલના ભોજનકક્ષ અને હોટલની આજુબાજુમાં આવેલ દુકાનો પર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજનકક્ષમાં બેઠેલ વ્યકિતનું રેકોર્ડીંગ થઈ શકે તેમજ હોટલમાં આવતી-જતી તમામ વ્યકિતઓનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે હાઈડેફીનેશનવાળા નાઈટ વિઝન ધરાવતા સી.સી.ટી.વી. કેમેરા રાખવાના રહેશે તેમજ મોરબી જિલ્લા વિસ્તારમાં આવેલ દરેક હોટલ, સિનેમાહોલ, રેલ્વે સ્ટેશન, એસ.ટી. બસ સ્ટેશન, ટોલ પ્લાઝા, મોલ્સ, મોટા મંદિરો, સાયબર કાફેમાં સારી કવોલીટીના

સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/વહીવટકર્તાઓની રહેશે. સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉપરોક્ત એકમોએ આ જાહેરનામા પ્રસિધ્ધિની તારીખથી દિન-૧૦માં ઉભી કરવાની રહેશે અને નવા શરૂ થતાં એકમોએ ઉપરોક્ત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે તેમજ ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. GG/97/2022/SB5/PSM/102022/308, તા. ૧૬-૦૭-૨૦૨૨ અન્વયે સી.સી.ટી.વી. કેમેરાનું રેકોર્ડીંગ દિન-૩૦ સુધી રાખવાનું રહેશે. વધુમાં જ્યારે મોરબી જિલ્લામાં ગંભીર પ્રકારના શરીર/મિલ્કત સબંધી ગુનાઓ જેવા કે, ખુન, ખુનની કોશીશ, મારામારી, લુંટ અને ધાડ જેવા બનાવો બને છે. ત્યારે તે સમયના સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજ સી.સી.ટી.વી. કેમેરા લગાડનાર/માલિકો/વહીવટકર્તાઓએ આવા ગંભીર પ્રકારના બનાવોના સી.સી. ટી.વી. ફુટેજ પોલીસ તપાસના કામે પોલીસ સિવાય અન-અધિકૃત વ્યકિતઓને આપવાના રહેશે નહીં.

સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા :

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ, સંપુર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) રોડ પરથી અંદર પ્રવેશતા અને રોડ સુધી બહાર જવા નીકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ કેમેરા ગોઠવવા.

(૪) તમામ પાર્કીંગની જગ્યામાં સંપુર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રીસેપ્શન કાઉન્ટર, બેઝમેન્ટ, રોકડ રકમના કેશ કાઉન્ટર તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપુર્ણ કરવેજ થાય તે રીતે ગોઠવવા.

મુકિત :

મોરબી જિલ્લામાં આવેલ સરકારી સંસ્થાઓ, સરકારી કચેરીઓને આ જાહેરનામાંમાંથી મુકિત આપવામાં આવે છે.

અમલવારીનો સમય :

આ હુકમ તા. ૦૧-૦૭-૨૦૨૫ થી તા. ૩૧-૦૮-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. મોરબી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. હું એવો આદેશ કરૂ છું કે, આ હુકમ મોરબી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૨૪ માહે જુન-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૨૪ માહે જુન, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ

હુકમ

નાં. જે/એમએજી/ક.૩૭(૧)જા.નામુ/૨૩૦૬/૨૦૨૫.-આગામી માહે જુલાઈ-૨૦૨૨૫ના માસમાં મોરબી જિલ્લાની હાલમાં પ્રવર્તમાન પરિસ્થિતીમાં કાયદો અને વ્યવસ્થા તથા લોકોના જાનમાલની સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવો બનવા ન પામે તે માટે નીચે મુજબ હુકમ બહાર પાડવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી હું, **એસ.જે.ખાચર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી,** સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મળેલ સત્તાની રૂએ આ નીચે દર્શાવ્યા મુજબના વિસ્તારમાં તા. ૦૧-૦૭-૨૦૨૫ થી તા. ૩૧-૦૭-૨૦૨૫ સુધી નીચે દર્શાવ્યા મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

કૃત્યો :

(૧) હથિયાર, તલવાર, ભાલા, બંદુક, છરી, શસ્ત્રો, સળગતી મશાલ, બીજા હથિયારો કે જેના વડે શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાની અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા અથવા તૈયાર કરવાનું.

(૩) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની, જેનાથી સુરુચિ અથવા નિતિઓનો ભંગ થાય તેવા ભાષણ કરવાની તથા ભેદભાવ અથવા ચેષ્ટા કરવાનું તથા તેવા ચિત્રો, પ્લેકાર્ડ, પત્રિકા અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાનું તથા બતાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર :

મોરબી જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમના ખંડ-૧ તથા ૨ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિ કે જેને તેમના ઉચ્ચ અધિકારીએ કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય.

(૨) સક્ષમ સતાધિકારીશ્રી તરફથી જેને પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

શિક્ષા :

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ ધ્વારા લાઉડ સ્પીકર વાહનો દ્વારા પ્રસારીત કરીને તથા જાહેર દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાનપત્રો અને ગુજરાત રાજ્યના અસાધારણ રાજ્ય પત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવુ છું.

આજ તા. ૨૪મી, માહે જુન-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી હુકમ બહાર પાડ્યો.

મોરબી, ૨૪ માહે જુન, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ

હુકમ

નાં. જે/એમએજી/ક.૩૭(૩)જા.નામું./૨૬૦૫/૨૦૨૫.-આગામી માહે જુન-૨૦૨૫ ના માસનાં મોરબી જિલ્લામાં હાલમાં જુદા જુદા સંવર્ગના સરકારી કર્મચારીઓની વિવિધ માંગો અને સામાજિક સંગઠનો તેમજ રાજકીય પક્ષોની સરકારશ્રી વિરૂધ્ધ જુદા જુદા પ્રશ્નોની રજુઆત અન્વયે કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સભા, સરઘસ, આંદોલન, રેલીના પ્રતિબંધ માટે જિલ્લામાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ પેટા કલમ-૩ નીચે હુકમ કરવો જરૂરી હોવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) થી મળેલ અધિકારની રૂએ હું, **એસ. જે. ખાચર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી,** આથી આદેશ કરૂં છું કે, મોરબી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૧-૦૬-૨૦૨૫ થી તા. ૩૦-૦૬-૨૦૨૫ સુધી સક્ષમ અધિકારીની મંજુરી વિના જાહેર સ્થળોએ અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્રીત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે સરઘસ કાઢવું નહી.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સ્થાનિક સતાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિતને, સંસ્થાને.

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્ન વરઘોડાને.

(૪) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૫) કોઈ સ્મશાન યાત્રાને.

(૬) સરકારશ્રીના વિવિધ વિભાગો, બોર્ડ-નિગમ દ્વારા આયોજીત કાર્યક્રમો.

હું એવો આદેશ કરૂ છુ કે આ હુકમ મોરબી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનુ પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનુ રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૮મી, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૨૮ માહે મે, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ

હુકમ

નાં. જે/એમએજી/ક.૩૭(૧)જા.નામુ/૨૬૦૫/૨૦૨૫.-આગામી માહે જુન-૨૦૨૨૫ના માસમાં મોરબી જિલ્લાની હાલમાં પ્રવર્તમાન પરિસ્થિતીમાં કાયદો અને વ્યવસ્થા તથા લોકોના જાનમાલની સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવો બનવા ન પામે તે માટે નીચે મુજબ હુકમ બહાર પાડવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી હું, **એસ. જે. ખાચર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી,** સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મળેલ સત્તાની રૂએ આ નીચે દર્શાવ્યા મુજબના વિસ્તારમાં તા. ૦૧-૦૬-૨૦૨૫ થી તા. ૩૦-૦૬-૨૦૨૫ સુધી નીચે દર્શાવ્યા મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

કૃત્યો :

(૧) હથિયાર, તલવાર, ભાલા, બંદુક, છરી, શસ્ત્રો, સળગતી મશાલ, બીજા હથિયારો કે જેના વડે શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાની અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા અથવા તૈયાર કરવાનું.

(૩) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની, જેનાથી સુરુચિ અથવા નિતિઓનો ભંગ થાય તેવા ભાષણ કરવાની તથા ભેદભાવ અથવા ચેષ્ટા કરવાનું તથા તેવા ચિત્રો, પ્લેકાર્ડ, પત્રિકા અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાનું તથા બતાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર :

મોરબી જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમના ખંડ-૧ તથા ૨ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિ કે જેને તેમના ઉચ્ચ અધિકારીએ કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય.

(૨) સક્ષમ સતાધિકારીશ્રી તરફથી જેને પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

શિક્ષા :

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ ધ્વારા લાઉડ સ્પીકર વાહનો દ્વારા પ્રસારીત કરીને તથા જાહેર દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાનપત્રો અને ગુજરાત રાજ્યના અસાધારણ રાજ્ય પત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવુ છું.

આજ તા. ૨૮મી, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી હુકમ બહાર પાડ્યો.

મોરબી, ૨૮ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

સુધારા હુકમ

નં. જે/એમએજી/જા.નામું/વશી ૧૩૦૫/૨૦૨૫.-પોલીસ ઈન્સપેકટરશ્રી, એલ.આઈ.બી. શાખા, મોરબી તા. ૧૨-૦૫-૨૦૨૫ની દરખાસ્તની વિગતે અત્રેના જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો, ખાનગી એકમો તથા સંગઠીત/અસંગઠીત શ્રમિકો/કામદારોને રોજગારી આપતી વખતે તેઓની નાગરીકતા વેરીફાઈ કરવા અત્રેથી બહાર પાડવામાં આવેલ વંચાણ તળેના જાહેરનામાં સુધારો કરી સુધારા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે.

જેની વિગતે ગુજરાત રાજયમાં અલગ અલગ ઔદ્યોગિક એકમોમાં અને અન્ય ખાનગી એકમો તરફથી મોટી સંખ્યામાં અસંગઠિત શ્રમિકો/કામદારો રોજગારી માટે આવતા હોય છે. રોજગારી આપતી સંસ્થાઓ/એકમો/માલિકો તરફથી શ્રમિકો/કામદારોનો પુર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અપનાવવામાં આવતી નથી. જેના કારણે અસામાજિક તત્વો, ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યકિતઓ અને ભારતીય નાગરિકતા નહી ધરાવતી વ્યકિતઓને રોજગારી આપી દેવામાં આવતી હોય છે. જે દેશ અને રાજયની આંતરિક સુરક્ષા માટે યોગ્ય અને ઈચ્છનીય નથી.

મોરબી જિલ્લામાં નાના-મોટા ઔદ્યોગિક એકમો આવેલ છે તથા અન્ય બાંધકામના કામોમાં તેમજ હાલમાં ખેતીકામ માટે બહારથી કે અન્ય રાજયોમાંથી મજુરો લાવી મજુરી કામ કરાવતા હોય છે. આવા સંજોગોમાં જાહેર જનતાની સલામતિ તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય, પોલીસ અધિક્ષકશ્રી, મોરબી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે. આથી તમામ પરપ્રાંતિયો/કારખાના/ઔદ્યોગિક એકમો/મકાનો વિગેરેમાં કામ કરતા અથવા રહેતા તમામ પરપ્રાંતિય શ્રમિકો/કામદારોની નાગરકિતાની ખરાઈ કરવા સારૂ ફકત આધારકાર્ડ ઉપર નિર્ભર નહી રહેતા આવા તમામ મતદાર કાર્ડ કે અન્ય ભારતીય હોવા અંગેના માન્ય પુરાવાઓની ચકાસણી કર્યા બાદ જ તમામ સંસ્થા/એકમો/માલિકો તરફથી આવતા તમામ શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે તે ઈચ્છનીય અને જરૂરી જણાય છે.

આથી હું, **એસ. જે. ખાચર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લો, મોરબી,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ મોરબી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ઓલ તમામ ઔદ્યોગિક એકમો, ખાનગી એકમો તથા સંસ્થાઓમાં સંગઠીત/અસંગઠીત શ્રમિકો/કામદારોને રોજગારી આપતી વખતે તેઓનો પૂર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ અંગે સબંધિત પોલીસ સ્ટેશને માહિતી સાથે યાદી રજુ કરવા તથા વેરીફાઈ કરાવવા આથી સુધારા હુકમ કરૂં છું તેમજ અત્રેથી બહાર પાડવામાં આવેલ વંચાણ તળેના જાહેરનામાના પત્રક એ, બી, સી અને ડી ની તમામ વિગતો તેમજ અન્ય તમામ શરતો યથાવત રહેશે.

મુક્તિ :

મોરબી જિલ્લામાં આવેલ સરકારી કચેરી/અર્ધ સરકારી કચેરી/બોર્ડ/નીગમ/સરકારી સંસ્થા તથા સરકારી ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના અધિકારી/કર્મચારીઓને આ સુધારા હુકમમાંથી મુકિત આપવામાં આવે છે.

શિક્ષા :

આ સુધારા હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. મોરબી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિકારીશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરવામાં આવે છે.

મુદત :

આ સુધારા હુકમ પ્રસિધ્ધ થયા તારીખ થી તા. ૩૧-૦૫-૨૦૨૫ સુધીના સમયગાળા માટે અમલમાં રહેશે.

આજ તા. ૧૪, માહે મે-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ સુધારા હુકમ કર્યો.

મોરબી, ૧૪ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. મેજી-૨/બકરી ઈદ/જાહેરનામું/૩૦૬/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, મોરબીના પત્ર ક્રમાંક : સી/LIB/બકરી ઈદ/જાહેરનામું/૩૦૯/૨૦૨૫, તા. ૩૦-૦૫-૨૦૨૫ થી રજૂ થયેલ દરખાસ્તની વિગતે આગામી તા. ૦૭-૦૬-૨૦૨૫ ના રોજ મુસ્લીમ ધર્મનો બકરી ઈદ (ઈદ ઉલ અઝા)નો તહેવાર આવે છે. આ તહેવારની ઉજવણી પ્રસંગે અમુક પ્રકારના જાનવરોની કુરબાની આપવામાં આવે છે અને આ કુરબાની કોઈપણ જાહેર કે ખાનગી સ્થળે અથવા મહોલ્લા કે ગલીમાં દેખાય તે રીતે કોઈપણ પશુની કતલ કરવાથી અન્ય ધર્મ/સમુદાયના લોકોની લાગણી દુભાવાના કારણે સુલેહશાંતિનો ભંગ થવાનો સંભવ હોય, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે. પોલીસ અધિક્ષકશ્રી, મોરબી તરફથી રજુ થયેલ દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણા કરતા આ અંગેનું જાહેરનામુ બહાર પાડવું આવશ્યક જણાય છે.

જેથી હું, **એસ. જે. ખાચર, (G.A.S.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લો,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ મોરબી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આ જાહેરનામું તા. ૦૫-૦૬-૨૦૨૫ થી તા. ૦૯-૦૬-૨૦૨૫ના કલાક ૨૪-૦૦ સુધી નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

- કોઈપણ ઈસમે આ દિવસો દરમ્યાન અધિકૃત કતલખાનાની બહાર કે કોઈ જાહેર કે ખાનગી સ્થળોએ જયા બહારથી જોઈ શકાય તે રીતે કોઈપણ પશુઓની કતલ કરવી નહી અથવા સમગ્ર મોરબી જિલ્લા વિસ્તારની હદની અંદર કોઈ શેરીમાં, જાહેર સ્થળોમાં દેખાય તે રીતે અન્ય કોઈ પશુની કતલ કરવી નહી.
- બકરી ઈદના તહેવાર પછી જાનવરના માંસ, હાડકા અને અવશેષો જાહેરમાં ફેકવા નહી.

અમલવારી :

આ જાહેરનામું તા. ૦૫-૦૬-૨૦૨૫ થી તા. ૦૯-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

શિક્ષા :

આ હુકમનો જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ ઉપર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા મહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૪, માહે જુન-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

મોરબી, ૦૪, માહે જુન, સને ૨૦૨૫.

એસ. જે. ખાચર
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
મોરબી

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.12.08 14:55:56 IST